કમલ રેખા લક્ષણ અથવા પદ્મા લક્ષ્મીના આશ્રય રૂપ છે. બ્રહ્મા વિષ્ણુની નાભિમાંથી થયેલા છે તેથી નાભિભૂ છે તેમ પ્રભુ નાભિરાજાના પુત્ર હોવાથી નાભિભૂ છે, તે પ્રભુ નિષ્કપટ બ્રહ્મચર્યની લક્ષ્મીને માટે થાઓ, એટલે તેઓ તમારા શુદ્ધ શીલવ્રતની લક્ષ્મીને વધારો. ૧

यस्मिन् जनन्युदरमाश्रितवत्युदारे
दुष्टान्यरिष्टपटलानि जने विनेशुः ॥
सद्यः शिवानि च नवानि तदाविराम-
श्वासन्नसिद्धिसुखदोऽस्तु स शान्तिसार्वः ॥ २ ॥

ભાવાર્થ—જે ઉદાર પ્રભુ જ્યારે પોતાની માતાના ઉદરમાં આવ્યા ત્યારે લોકોમાં દુષ્ટ એવા અરિષ્ટ વિઘ્નના સમુહ નાશ પામી ગયા હતા અને તત્કાલ નવીન કલ્યાણ પ્રગટ થયા હતા તે શ્રી શાંતિનાથ પ્રભુ તમોને આસન્ન સિદ્ધિના[૧] સુખને આપનારા થાઓ ૨

यः श्रीजिनोऽस्तवृजिनो भवसौख्यराजी-
राजीमतीं गुणवतीं युवतिं सतीं च ॥
उज्झांचकार किल मारविकारमुक्तो
मुक्तोज्ज्वलाद्भुतयशा जयतात्स नेमिः ॥ ३ ॥

ભાવાર્થ—કામ વિકારથી મુક્ત સંસારના સુખથી શોભતા અને પાપરહિત એવા જે પ્રભુ એ ગુણવાળી રાજીમતી નામની યુવાન સતીને પણ છોડીદીધી હતી તેવા મુક્તા (મોતિ) સમાન ઉજ્વલ યશવાળા તે શ્રી નેમિનાથ પ્રભુ જય પામો. ૩

श्रीजीरपल्लिनगरीमुखमल्लिवल्लि-
प्रोल्लासनोन्नतघनाघनसंनिभो यः ॥

૧ નજિક પ્રાપ્ત થયેલી મોક્ષગતિ.

काले कलौ प्रविलसत्प्रबलप्रतापो
जागर्ति पार्श्वजिनराजमहं स्तुवे तम् ॥ ४ ॥*

ભાવાર્થ—શ્રી જીરપલી નામે નગરી રૂપ મલ્લિકાની લતાને વિકાશ કરવામાં ઉન્નત મેઘ સમાન અને જેનો પ્રબલ પ્રતાપ વિલાસ કરી રહ્યો છે એવા જે પ્રભુ આ કલિકાલમાં પણ અદ્યાપિ જાગ્રત રહેલા છે તે શ્રી પાર્શ્વનાથ પ્રભુની હું સ્તુતિ કરૂં છું. ૪

गंभीरचारुतरनाभिसुरांगनाभि-
रक्षोभि क्षोभितशमं न हि यस्य चेतः ।
पीयूषपूरभरवृष्टिसमस्वदृष्टि-
मिष्टां मयि क्षिपतु वीरजिनेश्वरो ऽसौ ॥ ५ ॥

ભાવાર્થ—ગંભીર અને સુંદર નાભિવાળી દેવતાની સ્ત્રીઓ એ શમતાથી શોભિત એવા જેના ચિત્તમાં ક્ષોભ[1] કર્યો નહતો એવા શ્રી વીર પ્રભુ મારેવિષે અમૃતની વૃષ્ટી સમાન પોતાની દૃષ્ટી આરોપણ કરો. ૫

यस्याः सदा निरवसादगुरुप्रसाद-
मासाद्य माद्यति कविः कविकर्मलाभात् ।
अज्ञानतानवकृते सुकृतेन लभ्यां
तां भारतीं भगवतीं प्रणमामि भक्त्या ॥ ६ ॥

ભાવાર્થ—હમેશાં જેનો [2]અક્ષય મહાન્ પ્રસાદ પ્રાપ્તકરી કવિ પોતાને થતાં કવિતા શક્તિના લાભથી મદ પામે છે તેવા પૂર્વ સુકૃતથી

* અહિં પ્રભુને મેઘની ઉપમા આપી છે. મેઘ જેમ મલ્લિકાની લતાને જલ વર્ષી વિકાશ પમાડે તેમ શ્રીપાર્શ્વનાથ પ્રભુ શ્રી જીરપલી નામની નગરીને આનંદથી વિકશ પમાડે છે.

૧ અર્થાત્ જેના હૃદયમાં કામ વિકાર કર્યો નહતો.

૨ જેનો ક્ષય ન થાય તેવો.

લક્ષ્ય એવા ભગવતી ભારતી (વાગદેવી) ને અજ્ઞાનની લઘુતા કરવાને હું ભક્તિથી પ્રણામ કરૂંછું. ૬

वन्दे मुदा दमितदुर्दमवादिवृन्दं
विद्यागुरुं सुधिरणाधिपणानुकारं ।
योऽतानवजाड्यनिचयं स्वशिष्यहृद्स्थं
विद्यातिहृद्यकिरणैस्तरणिर्जहार ॥ ७ ॥

ભાવાર્થ—દુઃખેથી દમી શકાય તેવા વાદીઓના વૃંદને દમન કરનાર અને પોતાની બુદ્ધિથી બૃહસ્પતિને અનુસરનારા એવા તે વિદ્યા ગુરૂને હું હર્ષથી વંદના કરૂંછું, કે જે વિદ્યાગુરૂ રૂપ સૂર્ય પોતાના શિષ્યોના હૃદયમાં રહેલા જડતાના સમુહ રૂપ ઉગ્ર અંધકારને વિદ્યા રૂપી મનોહર કિરણોથી હરી લીધું છે. ૭

कीर्त्या गुरुं सुरगुरुं प्रतिभाप्रकर्षैः
श्रीसोमसुंदरगुरुं स्तुतिमानये तम् ।
यो गौतमस्य गणभृत्प्रवरस्य साम्यं
काम्यं दधौ कलियुगेऽत्र युगप्रधानः ॥ ८ ॥

ભાવાર્થ—આ કલિયુગને વિષે યુગ પ્રધાન એવા જે ગુરૂ ગણધરોમાં શ્રેષ્ટ એવા શ્રી ગૌતમ સ્વામીની તુલ્યતાને ધારણ કરતા હતા, તે કીર્ત્તિવડે ગુરૂ અને બુદ્ધિના ઉત્કર્ષથી બૃહસ્પતિ રૂપ એવા તે શ્રી સોમ સુંદર ગુરૂની હું સ્તુતિ કરૂંછું. ૮

तस्य प्रशस्यगणनातिगचंगभाग्य-
सौभाग्यमुख्यसुगुणान् प्रगुणान् स्तुवे ऽहम् ।
अस्तुत्यसंस्तुतिभयाघभिदे हि जिह्वा
प्रह्वीकरोति गुरुभक्तिरपीह यन्माम् ॥ ९ ॥

ભાવાર્થ—તે ગુરૂના પ્રશંસવા યોગ્ય ઉત્તમ ભાગ્ય સૈભાગ્ય વિગેરે અસંખ્ય ગુણોની હું સ્તુતિ કરૂંછું. ગુરૂ ભક્તિ વાળી મારી જિવ્હા

નહીં સ્તુતિ કરવાયોગ્ય એવા પુરૂષોની સ્તુતી કરવાથી ઉત્પન્ન થયેલા પાપને છેદવાને માટે મને આ કાર્યમાં નમ્ર થવા પ્રેરે છે. [૧] ૯

श्रीसोमसुंदरगुरोर्गरिमाभिराम-
सौभाग्यमुख्यगुणवर्णनगर्भमेतत् ।
प्रज्ञाप्रकर्षरहितः स्वहिताय सोम-
सौभाग्यनाम सुभग रचयामि काव्यम् ॥ १० ॥

ભાવાર્થ—હું જો કે બુદ્ધિના ઉત્કર્ષથી રહિતછું તથાપિ મારા આત્મહિતને માટે આ સોમ સૌભાગ્ય નામનું સુંદર કાવ્ય રચુંછું કે જે કાવ્યમાં શ્રી સોમ સુંદર ગુરૂની ગૌરવતાથી રમણીય એવા સૌભાગ્ય વિગેરે ગુણોનું વર્ણન આપેલું છે. ૧૦

निःशेषदेशमुकुटोत्कटगूर्जरत्रा-
नेत्राभमाभरणमन्यपुरोत्कराणाम् ।
क्रीडत्सरोजवदनावदनाभिराम-
वातायनप्रकरसुंदरमंदिरौघम् ॥ ११ ॥
स्वर्द्रंगभंगसुषमाधिपमाभिमान-
प्रच्छेदने दनुजजित्पगयेगतोरः ।
संपालकामदगदच्छिदिहृद्यवैद्यं
प्रह्लादनादिपुरमस्ति पुरं पुराणम् ॥ १२ ॥ युग्मं ॥

ભાવાર્થ—પ્રહ્લાદન નામે એક પ્રાચીન નગર છે, જે નગર સર્વ દેશના મુગટ જેવા ગુજરાત દેશના નેત્રરૂપ છે, બીજા નગરોના સમુહનું આભુષણ છે, ક્રીડા [૨] કરતી કમળ મુખી સ્ત્રીઓના મુ-

૧ અર્થાત્ આ ઇચ્છાથી અયોગ્ય પુરૂષોની સ્તુતી કરેલી છે. તેથી લાગેલા મારા પાપને દુર કરવા આ ગુરૂ સ્તુતિનિઃ અપેરવવા પ્રવત્ત થાવછે.

૨ અર્થાત્ જેમાં આવેલી હવેલીઓની બારીઓ રોકાયા કરતી સ્ત્રીઓના મુખ કમળથી દીપી રહેલી છે.

ખથી મનોહર એવી નારીઓના સમુહ વડે સુંદર જેમાં કદલ સમુહ છે, જે સ્વર્ગ ભૂમીની ઉત્તમ શોભાના તીવ્ર અભિમાનને છેદનારૂં છે. જે દાનવો ને જિતનારા વિષ્ણુની નગરીના જેવું મોટું છે અને લંકા અને અલકાપુરીના ગર્વરૂપ રોગને છેદવામાં જે ઉત્તમ વૈદ્યના જેવું છે. ૧૧-૧૨

प्रह्लादनः क्षितिपतिर्भुपतिर्महोभि-
श्रीमदर्बुदाचलविभुः स बभूव पूर्वम् ।
तेन स्वनामविदितं दलितपापतापं
संस्थापितं पुरमिदं मुदितप्रजाढ्यं ॥ १३ ॥

ભાવાર્થ—સૂર્ય તેજવડે સૂર્યજેવો પ્રહ્લાદન નામે અર્બુદાચલ (આબુપર્વત) નો રાજા થયો હતો. તેણે પોતાના નામથી આ પ્રહ્લાદન નગરને સ્થાપન કરેલું છે, કે જે નગર પાપના તાપને નાશ કરનાર અને નિત્યે હર્ષવાળી પ્રજાથી ભરપુર છે. ૧૩

यत्रैव भूमिरमणीरमणीयहार
कल्पं विहारमनघं समकारयच्च ।
कपिशीर्षकलया प्रवरैकविशालसार
प्राकारगोपुरमहर्द्धिपराजितानाम् ॥ १४ ॥

ભાવાર્થ—રાજા પ્રહ્લાદને તે નગરીમાં પોતાના નામથી પૃથ્વીરૂપ સ્ત્રીના રમણીય હાર જેવો એક અનુપમ મોટો વિહાર (જૈન પ્રાસાદ) કરાવ્યો હતો. કે જે એક શોભાવાળા કાંગરાથી સુંદર એવા કિલ્લા અને દરવાજાની મોટી સમૃદ્ધિ (શોભા) થી ઘણો શોભાવાળો હતો. ૧૪

૧ [illegible]
૨ [illegible]

सम्यग्दृशां विरचिताद्भुतचित्तशैत्ये
चैत्ये फणामणिनिरस्ततम समूहम् ।
विघ्नोपशांतिकरणं शरणं निजानां
श्रीपार्श्वबिंबमथितंप्रतिष्ठिपच्च ॥ १५ ॥

ભાવાર્થ—સમ્યગ [1] દ્રષ્ટીવાળા પુરૂષોના હૃદયમાં અદ્ભુત શીતલતા આપનાર તે ચૈત્યની અંદર સર્પની ફણાના મણીઓથી અંધકારના સમુહને નાશ કરનાર, વિઘ્નોની શાંતી કરનાર અને પોતાના આશ્રિત જનને શરણ રૂપ એવા શ્રી પાર્શ્વનાથના બીંબની તેણે પ્રતિષ્ટા કરી હતિ. ૧૫

तस्मिन् पुरे सुरपुरेण परेण सार्कं
गर्वं प्रकुर्वति नितांतमसर्वलक्ष्म्या ।
कोटीध्वजो निवसति व्यवहारिवर्गः
स्वर्गाद्रिगेयगरिमादिगुणाभिरामः ॥ १६ ॥

ભાવાર્થ—પોતાની અંદર રહેલી ઘણી લક્ષ્મીથી ઇંદ્રના નગરની સાથે ગર્વ કરનારા તે પ્રલ્હાદન નગરમાં મેરૂગિરિની જેમ ગાવા યોગ્ય એવા ગૌરવતા વિગેરે ગુણોથી સુંદર એવા [2]કોટીધ્વજ વ્યવહારીઓનો વર્ગ વસતો હતો. ૧૫

चित्रांबरप्रवरहेमसुखासनाधि
रूढाश्चलच्चमरचामरवीज्यमानाः ।
श्रीश्रीकरीनिकरराजितपृष्ठदेशा-
स्तत्राह्नदादिनमलं सचस्तुमहेभ्याः ॥ १७ ॥

ભાવાર્થ—તે નગરીની શેરિઓમાં ધનાઢય પુરૂષો વિચિત્ર વસ્ત્રો ધારણ કરી સુવર્ણના સુખાસન ઉપર બેસી ચલાયમાન ચામરોથી

૧ સમકિતવાળા પુરૂષો. ૨ જેનીપાસે કોટીસંખ્યા દ્રવ્ય હોય તેના મંદિર ઉપર ધ્વજ ચડાવાય છે તેથી કોટીધ્વજ કહેવાય છે.

વીંજાતા અને જેમના પૃષ્ટભાગ સુંદર છડીઓના સમુહથી શો
રહયા છે તેવા થઇ અર્હત વિગેરે દેવતાને નમન કરવા નીકળ
હતા. ૧૭

श्रीधर्मभूमिपतिना कलिकालशत्रु-
वित्रासनोद्भवजये समरेष्ववाप्ते ।
यत्रार्हदीशभवनेषु मृदंगभेरी-
शंखाद्यवाद्यनिकरः किमु वाद्यते स्म ॥ १८ ॥

ભાવાર્થ—જે નગરમાં શ્રી અર્હુત ચૈત્યોમાં વાગતા મૃદંગ ભે
અને શંખ વિગેરે વાજીત્રોનો સમુહ જાણે શ્રી અર્હંત ધર્મરૂપી ર
જાએ રણભૂમિમાં કળીકાળ શત્રુને ત્રાસ આપવાથી પ્રાપ્ત કરેલા વિજ
યમાં તે વાગતા હોય તેમ જણાય છે,

यत्र प्रमोदपटलीलसदिंदिरेषु
सन्मंदिरेषु सुकृतेन कृतेन नुन्ना ।
स्वीयस्थितिं प्रथयितुं किमशक्नुवत्य ।
श्रीः शिश्रिये सकलुषागिगृहाणि रोषात् ॥१९॥

ભાવાર્થ--જે નગરીમાં અતિ હર્ષથી વિલાસ કરતી લક્ષ્મીવાળ
સજ્જનોના ઘરોમા તેઓના સુકૃતે પ્રેરેલી અલક્ષ્મી (દા-રિદ્ર) જા
ત્યાં પોતાની સ્થિતિ રચવાને અશક્ત થઇ હોય તેમ તે રોષથી પાપી
લોકોના ઘરોમાં આશ્રય કરતી હતી, [1]૧૯

उद्वेलतां कलयता कलिकालपारा-
वारेण दुस्तरतरेण जडोद्‌धूरेण ।
आप्लाविते क्षितितले निखिले पवित्रं
द्वीपोपमं श्रयति यन्नगरं गरीयः ॥ २० ॥

ભાવાર્થ—જે મોંટું પવિત્ર નગર મર્યાદા મુકી ઉછળતા, અ

૧ અર્થાત્ પાપીલોકોના ઘરમાંજ દરિદ્ર હતું.

*જડ (જલ) થી ઉદ્ધત એવા કલિકાલરૂપી દુસ્તર સમુદ્રે ભોતી દીધેલા આ સમગ્ર પૃથ્વી તળમાં દ્વીપ (બેટ) ની ઊપમાને ધારણ કરે છે. એટલે જાણે બેટ હોય તેવું દેખાય છે. ૨૦

अत्रोल्लसंति हरयो गुरवो महेशा
लक्ष्मीधरा अपि सदांतकृतोऽप्यनंताः ।
गौर्यश्च ताः प्रतिगृहं यदतो व्यधायि
स्वर्गोऽपि येन नगरेण स रेणुतुल्यः ॥ २१ ॥

ભાવાર્થ—એ નગરમાં અનંત, (ઘણાં) હરિ, (અશ્વ અને પક્ષે ઈંદ્ર) ગુરૂ. (વડિલ અને બૃહસ્પતિ) મહેશ, (ધનાઢ્ય અને શંકર) લક્ષ્મીધર, (ધનવાન અને વિષ્ણુ) સદાન્તકૃત (મુનિઓ અને બ્રહ્મા) રહેલા છે. અને ઘેર ગૌરી (ગોર અંગવાળી સ્ત્રીઓ અને પાર્વતીઓ) છે, તેથી તે નગરે સ્વર્ગને પણ રજતુલ્ય કરી દીધું હતું. ૨૧[1]

आस्ते सदंग इह धार्त्तरो न लोकः
केशास्तु बन्धनजुषो न मनाक् मुनींद्राः ।
त्रासो मणीषु न पुनर्व्यवहारिहृत्सु
कुष्टं तु गांधिकगृहेषु जनेषु नैवम् ॥ २२ ॥

ભાવાર્થ—એ નગરીમાં હારના સુંદર સરમાં દંભ (ગુંથણી) હતો, લોકોમાં નહતો; માત્ર કેશ બંધનનેજ સેવતા હતા. મુનિઓ જરાપણ નહીં. ત્રાસ (ચીપ) મણિમાંજ હતો વ્યાપારી લોકોના હૃદયમાં નહીં. કુષ્ટ[2] ગાંધીને ઘેર હતો લોકોને જરા પણ નહીં. ૨૨

* જડ પુરૂષો અને સમુદ્રપક્ષે ડ અને લ સરખા ગણાય તેથી જલ લેવું.

૧ અર્થાત્ સ્વર્ગમાં અનંત વગેરે એક એક છે અને અહિં ઘણા છે તેથી તેની આગળ સ્વર્ગ રજના જેવું નિસ્સાર જણાય તેવું હતું.

૨ તે નામનું ઔષધ તથા કોઢીનો રોગ.

ભાવાર્થ—જ્યાં લોકોને પાપનોજ ભય લાગતો, [1] સ્વચક્ર અને પરચક્ર (શત્રુચક્ર)થી કદિ પણ ભય લાગતો નહીં, અને હંમેશા તીર્થંકરોના પ્રાસાદોની પંક્તિઓની ઉપર દંડ (ધ્વજદંડ) હતો પણ લોકોમાં રાજાનો દંડ નહોતો. અર્થાત્ પ્રજા એવી નીતિમાન્ હતી કે જેને દંડ કરવાનો રાજાને પ્રસંગજ આવતો નહીં. ૨૯

यस्मिन् पुरे सुरगुरोर्गुरुधीरदूष्य-
पीयूषकल्पवचसो विदुषो निरीक्ष्य ।
किं शिक्षितुं तदधिकाः किल हंसविद्या
अद्यापि न त्यजति मंजुलकेलिशालाम् ॥ ३० ॥

ભાવાર્થ—જે નગરના નિર્દોષ વિદ્વત્તાવાળા વિદ્વાનોને જોઈ મોટી બુદ્ધિવાળા બૃહસ્પતિ પણ જાણે તેમનાથી અધિક મનોહર વિદ્યા શીખવા ઇચ્છતા હોય તેમ અદ્યાપિ સુંદર[2] લેખશાળા (પાઠશાળા)ને છોડતા નથી. ॥ ૩૦ ॥

शत्रुः कलिः कलितदुर्दलितः पृथिव्यां
व्याप्तं सृजन् जनमनोधिकतापकर्ता ।
देवैः प्रपूज्यमपि यत्र पवित्रपुण्य-
पूर्णात्मनी जयति सा शुभनंदिनिन्धये ॥ ३१ ॥

ભાવાર્થ—દેવતાઓને પૂજવા યોગ્ય એવો પવિત્ર પુણ્યરૂપી [illegible] વિજય પામે છે. દુષ્ટ ચેષ્ટાવાળો અને લોકોના મનમાં અતિ [illegible] કરનાર કલિયુગરૂપી શત્રુ પૃથ્વીમાં વ્યાપ્ત છતાં પણ તે એ નગર-

---

૧ સ્વચક્ર એટલે [illegible] અને પરચક્ર એટલે શત્રુ તરફથી [illegible]

૨ [illegible]

માં પ્રવેશ કરી શક્યો નહતો.[૧] ૩૧

यस्मिन् रसकर्णनन्तुताः स्वककर्णपर्ण-
स्तूपं मुनीन्द्रवचनामृतमापिबन्तः ।
मिथ्यात्वजीवितहरोत्कटकालकूटं
पीतं वमन्ति च भवेत्यजरामरास्ते ॥ ३२ ॥

ભાવાર્થ—જેમા ઉત્તમ શ્રોતાજનો પોતાના કર્ણરૂપ પત્રોથી મુનીંદ્રોના વચનામૃતને પાન કરી જીવિતને હરનાર પીધેલા મિથ્યાત્વ રૂપી ઉગ્ર કાલકૂટનું વમન કરતા હતા અને પછી તેઓ અજરામર થતા હતા.[૨] ૩૨

यत्रार्हतां भगवतां सदनेषु दम्भ-
ईदरसनात्थनधूपसमुत्थधूमः ।
अभ्रभ्रमं विरचयन् शिखिनां कुलानि
हर्षाकुलानि कुरुते च सताण्डवानि ॥ ३३ ॥

ભાવાર્થ—જ્યાં અર્હંતપ્રભુના મંદિરોમાં હંમેશાં દહન થતા ઘાટા ધૂપમાંથી ઉઠેલો ધુમ્ર આકાશમાં વાદળાનો ભ્રમ કરી મયૂર પક્ષીઓના વૃંદને નૃત્ય અને હર્ષ કરાવતો હતો. ૩૩

यत्रान्तिदस्वगृहर्दाम्यदधित्यकायाम्
क्रीडन् महेभ्यनिकरः स्वकरम्नेभ्यम् ।
यत्रान्तरीक्षकुसुमभ्रमहृत् पवित्र-
मसमदंदलमिदं हृदि मन्यते स्म ॥ ३४ ॥

ભાવાર્થ—જ્યાં આકાશ સુધી ઉંચા અને પ્રકાશમાન મહેલોની ઉર્ધ્વ ભૂમિમાં ક્રીડા કરતો ધનાઢ્ય પુરૂષોનો સમૂહ આકાશ પુષ્પના

૧ અર્થાત્ પુરવાસી શત્રુએ કલિયુગરૂપ શત્રુને તે નગરમાં પેસવા દીધો નહતો. ૨ અમૃતના પાનથી વિષનું વમન થાય છે અને પછી અજરામર થવાય છે.

ભ્રમને કરનારા પવિત્ર નક્ષત્રમંડળને પોતાના હસ્તથી ચુંબે દ
તેમ હૃદયમાં માનતો હતો. ૩૪

पापप्रभूततरभूतभयप्रदायि-
स्वाध्यायमंत्रगुणनोद्यतसाधुमालाः ।
श्रीधर्महस्तिपतिखेलनहस्तिशाला
भ्राजंति यत्र विपुलाः किल धर्मशालाः ॥ ३५ ॥

ભાવાર્થ—પાપરૂપી ઘણા ભૂતોને ભય આપનાર સ્વાધ્ય
મંત્રનો જપ કરવામાં તત્પર એવી જેમાં સાધુઓની પં...
અને અર્હંતધર્મરૂપી ગજેંદ્રને ખેલવાની જે હસ્તિશાળા હોય
વિશાળ ધર્મશાળાઓ જે નગરમાં શોભતી હતી. ૩૫

राजंति यत्र जिनराजगृहेषु पंच-
वर्णाचिरत्नमणिरत्नसुतोरणानि ।
पापोजयाद्विजयलक्ष्मिवृतस्य धर्म-
भूपस्य मंगलकृते किमु सज्जितानि ॥ ३६ ॥

ભાવાર્થ—જ્યાં ચૈત્યની અંદર બાંધેલા પંચવર્ણી નવી
રત્નોનાં તોરણો જાણે પાપનો જય કરવાથી વિજયલક્ષ્મીએ
રૂપ રાજાના મંગળને અર્થે તે તૈયાર કર્યાં હોય તેવા દેખાય

यस्मिन् वि राजति महोन्नतिभृद्विशालः
शालः सुरा ...कलः प्रतिपंथिकालः ।
सद्वर्तुलत्वकलितः किमु भूमिरामा
[illegible] ॥ ३७ ॥

तारुण्यपुण्यतनुचन्द्रिमभाभीरामाः
श्यामातिकृष्णकबरीजीतभृङ्गरामाः ॥ ३८ ॥
सौभाग्यभंगिसमदाः प्रमदा विभांति
यस्मिन् स्मितद्युतिविराजितराजदंताः ।
किं स्वर्णवर्णवपुषः सुरयोषितोऽमा-
जग्मु पुरस्य सुषमामवलोकनोत्काः ॥ ३९ ॥ युग्मम्

ભાવાર્થ—જે નગરીનો કિલ્લો ગહન્ ઉન્નતિને ધારણ કરનાર, મેરૂગિરિની સ્પર્ધા કરનાર, અને સુંદર [1]વર્તુલ આકૃતિવાળો હતો. કૃષ્ણવર્ણી કેશપાશથી ભ્રમરીઓને જિતનારી સૌભાગ્ય રચનાથી મદવાળી અને હાસ્યની કાંતિથી સુશોભિત [2]રાજદંતવાળી પ્રમદાઓ જાણે સુવર્ણવર્ણી શરીર ધારી દેવાંગનાઓ આ નગરની શોભા જોવાને અહિં આવી હોય તેમ લાગતી હતી ૩૭-૩૮-૩૯

तस्मिन् पुरे वसति भीतिभिदेकसज्जः
श्रीसज्जनः सुकृतमज्जनपूतचित्तः ।
दिधाय यो हि मुकुटश्रियमाश्रितश्री-
विश्राणनो नृपतिसभ्यमहेभ्यवृंदे ॥ ४० ॥

ભાવાર્થ—તે નગરમાં ભય ભેદવામાં તત્પર અને જેનું ચિત્ત સુકૃતોમાંજ મગ્ન છે એવો સજ્જન નામે એક શ્રેષ્ટી રહેતો હતો. પોતાના આશ્રિતોને લક્ષ્મીનું દાન કરનાર તે શ્રેષ્ટી રાજાના સર્વ [3]સભ્યગૃહસ્થોના વૃંદમાં મુકુટની શોભાને ધારણ કરતો હતો. ૪૦

येनानिशं सहृदयेन सदालवाले
सद्दानतोऽम्बुवल्लजतोन तथाभ्यषेचि ।

---

૧ વર્તુલ આકૃતિ-એટલે ગોળાકૃતિ. ૨ આગળના ઉપરના બે દાંત તે રાજદંત કહેવાય છે. તેમાં કેટલાક ભાગની સ્ત્રીઓ સોનાની રેખા જડાવે છે, તેથી તે સુશોભિત લાગે છે. ૩ સભ્ય એટલે સભાસદ.

श्रीसार्वभक्तिसुरवल्लिरियं प्रफुल्ला
तैस्तैर्यथाफलभरैः फलति स्म सद्यः ॥ ४१ ॥

ભાવાર્થ—સમાન હૃદયવાળા જે વિદ્વાન્ શ્રેષ્ઠીએ પોતાના હૃદય રૂપી ક્યારામાં સદ્વાસના રૂપી જલવડે શ્રી અર્હન્ ભક્તિરૂપી કલ્પ-વલ્લીને એવી રીતે સિંચન કરેલી હતી કે તે વલ્લી પ્રફુલ્લિત થઈ યથાયોગ્ય ફળોના સમૂહથી સફળ થતી હતી. ૪૧

यन्मानसे शमरसेन भृते नितांतं
कारुण्यपुण्यनलिनीघनराजिरम्ये ।
खेलाद्धति प्रतिदिनं विपुलश्चवलक्ष-
पक्षद्वयीद्धजिनधर्ममरालपालः ॥ ४२ ॥

ભાવાર્થ—ચંદ્રની કાંતિ જેવા બે શ્વેત પક્ષ (પાંખો) થી વૃદ્ધિ પામેલો શ્રી જિનધર્મરૂપ બાલહંસ શમતા રસથી ભરેલા અને દયારૂપી પવિત્ર કમલવનની શ્રેણીથી રમણીય એવા જેના માનસ (મન પક્ષે સરોવર) માં પ્રતિદિન વિશેષ ક્રીડા કરતો હતો. ૪૨

औदार्यधैर्यघनशौर्यगभीरिमाद्य-
मायद्गुणावलिरियं गणना व्यतीता ।
अन्यत्र [illegible]
संश्रित्य [illegible] ॥ ४३ ॥

ભાવાર્થ [illegible] ધૈર્ય, [illegible] અગણિત [illegible] શ્રેણીની [illegible] કર્યા [illegible]

૧ [illegible]
૨ [illegible]

आलोक्य यद्वितरणस्य कलामनल्पां
कल्पद्रुकल्पलतिकादिपदार्थसार्थाः ।
ह्रीणा इव द्रुतमदृश्यपदेषु जग्मु-
र्दुस्सहो हि महतामिह मानभंगः ॥ ४४ ॥

ભાવાર્થ—જેની દાન આપવાની મોટી કળા જોઈ કલ્પવૃક્ષ અને કલ્પલતા વગેરે પદાર્થો જાણે લજ્જા પામ્યા હોય તેમ તે તત્કાળ [1] અદૃશ્ય સ્થાનોમાં ચાલ્યા ગયા. કારણ કે, મહાન્ પુરૂષોથી માનભંગ સહન થઈ શકતો નથી ॥ ૪૪ ॥

गांभीर्यमिष्टवरधैर्यमिमं निकाय-
मादद्गुणा वपुषि पुण्यवतामुनाऽमी ।
संस्थापिता न तु वयं किमिति प्रकोपा-
टोपेन यस्य हि दिगन्तमियर्ति कीर्तिः ॥ ४५ ॥

ભાવાર્થ—આ પુણ્યવાન્ શ્રેષ્ઠીએ ગાંભીર્ય, ઉત્તમ ધૈર્ય અને સૌંદર્ય વગેરે સદ્ગુણોને પોતાના શરીરમા ધારણ કર્યા અને મને કેમ ન ધારણ કરી ? એમ કોપનો આડંબર કરી તેની કીર્તિ દિશાઓના છેડામા ફરતી હતી. અર્થાત્ તેની કીર્તિ સર્વત્ર ફેલાઇ હતી. ॥ ૪૫ ॥

आशैशवादपि बभूव मनो यदीयं
मिथ्यात्वकल्मषमलेन मलीमसं नो ।
व्योमांगणं विलसत्तारकचक्रतारं
किं लिप्यते क्षितिजरेणुभरैः कदाचित् ॥ ४६ ॥

ભાવાર્થ—[2]તેનું હૃદય બાળપણથીજ મિથ્યાત્વરૂપ પાપના મળવડે મલીન થયેલું નહતું, જેમાં તારાઓનું ચક્ર પ્રકાશિત રહે છે

૧ સ્વર્ગાદિ અદૃશ્ય સ્થાનમાં ચાલ્યા ગયા.

૨ અર્થાત્ જેમ પૃથ્વીના રજથી આકાશ લેપાતું નથી તેમ તેનું હૃદય મિથ્યાત્વ રૂપ રજથી મલીન થયેલું નહતું.

એવા આકાશનું આંગણું શું કોઇવાર પૃથ્વીના રજથી લિંપાય છે? અર્થાત્ લીંપાતું નથી. ॥ ૪૬ ॥

सम्यक्त्वरत्नमचिरत्नमहो यदीयं
शंकादिदोषपरिमोषिगणैर्न जह्रे ।
उच्चैः सुपर्वपतिपर्वततुंगशृंग-
मीषद्युगांतपवनैरपि कंप्यते किम् ॥ ४७ ॥

ભાવાર્થ—જેનું નવીન તેજવાળું સમકિત રૂપી રત્ન શંકા વગેરે દોષ રૂપી ચોરોના ટોળાએ હરણ કર્યું નહતું. શું યુગાંત (પ્રલય) કાળના પવનોથી મેરૂગિરિનું ઊંચું શિખર જરાપણ કંપે? અર્થાત્ કંપે નહીં. ॥ ૪૭ ॥

स्यान्निरर्हता भगवता [illegible]
यस्य प्रवेष्टुमपि न [illegible] देवा ।
[illegible] हरिहरादयो [illegible]
[illegible] किं [illegible] ॥ ४८ ॥

ભાવાર્થ—શ્રી અર્હંત પ્રભુએ જેના નિવાસકરેલ છે એવા જેના હૃદયમાં હરિ હર વગેરે દેવતાઓ પેસવાને પણ સમર્થ થતા ન હતા. કેશરીસિંહ વસે એવા વનમાં કુંજરોના ગણ શી રીતે વિલાસ કરે. ॥ ૪૮ ॥

[illegible]
[illegible] ।
[illegible]
[illegible] ॥ ४९ ॥

ભાવાર્થ—જેમ સૂર્ય પોતાના કિરણોના સમૂહથી સમસ્ત આકાશને દીપાવે તેમ [illegible] શ્રી [illegible] તીર્થોની [illegible]

૧ [illegible]

ની યાત્રાઓ કરવી, અને સ્નાત્રોત્સવમાં દ્રવ્ય ખર્ચવું વગેરે પુણ્ય કાર્યો આચરી કુમતિને હણનાર એવા શ્રી જિનમતને દીપાવ્યો હતો.

तस्याङ्गने स्वजनपक्षगताभिरामा-
रामासु रत्नमुकुटोपमितिं दधाना ।
भार्या त्रिपक्षविशदा नतसद्गमभक्ति-
र्व्यक्तिर्वरेण्यगुणमाल्हणदेविनाम्नी ॥ ५० ॥

ભાવાર્થ—તે શેઠીને સ્વજન વર્ગની પ્રીતિથી સુશોભિત, સર્વ સ્ત્રી વર્ગમાં રત્ન-મુગટની ઉપમાને ધારણ કરતી, અર્હન પ્રભુની ભક્તિનો વિલાસ પ્રગટ કરતી, અને ત્રણ [1]પક્ષમાં ઉજ્વલ એવી માલ્હણ દેવી નામે શ્રેષ્ઠ ગુણવાળી સ્ત્રી હતી. ॥ ૫૦ ॥

शृङ्गारमन्दिरमिव कमला कमलाप्रियस्य
नान्दीभवद् भुवि भवस्य यथा भवानी ।
स्रष्टुः प्रियंकरतरा च यथा सावित्री
श्रीसज्जनस्य धनिनोऽजनि तद्वदेषा ॥ ५१ ॥

ભાવાર્થ—લક્ષ્મી જેમ વિષ્ણુને આનંદ આપનારી છે, પાર્વતી શંકરને અને બ્રહ્માને પ્રિય સાવિત્રી છે તેમ આ સજ્જન શેઠીને માલ્હણ દેવી પ્રિય હતી ॥ ૫૧ ॥

श्रीरामचन्द्ररमणी रमणी प्रतीता ।
सीता किमु प्रकटमत्र भवत्यतीता ।
किं प्रस्फुरत्कमलया समयत्यसौ या
धर्मोपदेशनरता सुलसा च सा या ॥ ५२ ॥
नन्ददमा किमु रमाय मनोरमा या
चन्द्रमायसंघकदनामदनादिरेखा ।

[1] પિતૃકુલ, શ્વસુરકુલ અને મોસાળકુલ એ ત્રણે પક્ષો તેના શુદ્ધ હતા. અર્થાત્ તે સર્વ રીતે કુલીન હતી.

भद्राथ भद्रमहिमोत्तमा सुभद्रा
किं चांजना सुजनरंजनशीललीला ॥ ५३ ॥
कुन्ती सती गुणवती नु मृगावती या
ज्येष्ठाथवा प्रगुणसद्गुणशिष्टचेष्टा ।
इत्थं परिस्फुरदनल्पविकल्पजालं
धर्करसि या सुमनसां मनसि प्रजल्पं ॥ ५४ ॥

त्रिभिर्विशेषकम्

ભાવાર્થઃ—એ માલ્હણદેવી શું પ્રસરતા પાપના સમૂહને દૂર કરનારા અને રમણીઓમાં પ્રખ્યાત શ્રી રામચંદ્રની સ્ત્રી સીતા છે, વા શમદમની સ્ફૂર્તિવાળા નળરાજાની સ્ત્રી દમયંતી છે, અથવા ધર્મના ઉપયોગમાં આળસ રહિત એવી મહાસતિ સુલસા છે? (૫૨) નમવા યોગ્ય જેના ચરણ છે એવી શું રમા છે કે મનોરમા છે? ઉપાર્જેલા પાપને નાશ કરનારી શું સતિ મદનરેખા છે? પવિત્ર મહિમાના સમૂહથી ઉત્તમ એવી ભદ્રા કે સુભદ્રા છે? અથવા સજ્જનોને રંજન કરનારા શીલવાળી શું સતિ અંજના છે? (૫૩) અથવા શું સતિ કુન્તી છે? વા ગુણવાળી મૃગાવતી છે? અથવા ઉત્તમ આચરણવાળી જયેષ્ટા છે? આ પ્રમાણે તે માલ્હણદેવીને બુદ્ધિમાનો તથા સજ્જનોના મનને અનેક પ્રકારના પ્રશંસવાયોગ્ય સંકલ્પ વિકલ્પો કરાવતી હતી. ॥ ૫૪ ॥

विद्याधरीरपि सुरीरधरीकरोति
सौंदर्यवर्यवपुषः सुषमाचयैर्या ।
तस्याः पुरः समपुरप्रमदा अपर्वं
गर्वं कथं मनसि बिभ्रति विभ्रमोत्थं ॥ ५५ ॥

ભાવાર્થ—દેવી પોતાના સૌદર્ય ભરેલા શરીરની અધિક શોભાથી વિદ્યાધરોની સ્ત્રીઓને અને દેવીઓને તિરસ્કાર કરતી, તો તેની આગળ

नात्युष्णशीतलमिदं भवतु स्वभावो
नावादृगेव किमिति स्वधिया विमृश्य ।
तच्छिक्षणाय किल शिश्रियतुः शशीनौ
यस्या मुखाब्जमुरुकुंडलकैतवेन ॥ ५८ ॥

ભાવાર્થ—આ સ્ત્રીનું મુખકમળ અતિ ઉષ્ણ અને અતિ શીતળ નથી તેથી તેને આશ્રય કરવાથી આપણા બંનેનો સ્વભાવ પણ તેવોજ થાઓ એવો વિચાર કરી સૂર્ય અને ચંદ્રે તે સ્વભાવના શિક્ષણને માટે તેના બે મોટા કુંડળના મિષથી માલ્હણદેવીના મુખ કમળનો આશ્રય કર્યો હતો.[1] ॥ ૫૮ ॥

कंठो विराजतितरामिह कंबुकंठ्या
यस्याः स्फुरन्मधुरिमा त्रिविमानरेखः ।
तद्रामणीयकमवेक्ष्य निरंतु कंबु
किं रारटीत्यनुपभूत् प्रतिमंदिरं सः ॥ ५९ ॥

ભાવાર્થઃ—શંખના જેવો જેનો કંઠ છે એવી માલ્હણદેવીનો માધુર્યવાળો અને મયૂરના જેવી રેખાવાળો કંઠ ઘણો સુંદર શોભતો હતો. તેનું સૌંદર્ય જોઇ પાણીવગર થયેલો શંખ દુઃખ પામી પ્રત્યેક દેવમંદિરે મોટો નાદ કરી પોકાર કર્યા કરે છે ![2] ॥ ૫૯ ॥

मध्येन मेऽध्यपराजितोऽतिकृशेन यस्याः
संधिरमन्तगुरमेण पराजितः ।
पंचाननः स किमु काननमध्यवर्ती
जज्ञे यतोऽस्ति पशुता पशुपालभूतमात्र ॥ ६० ॥

---

૧ અર્થાત્ માલ્હણદેવીના કાનના બે કુંડળ તેજ સૂર્ય, ચંદ્ર હોય તેમ દેખાય છે

૨ દેરાસરે શંખનો નાદ થાય છે તે દુઃખ કરીને પોકાર કરતો હોય એમ કવી ઉપમા ઘટે છે

ભાવાર્થ—પવિત્ર યશવાળી માલ્હણદેવીના અતિ કૃશ અને શોભાવાળા શરીરના મધ્યભાગ (કટીપ્રદેશ)થી પરાભવ પામીને કેશરીસિંહ વનમાં જઇ વસ્યો હશે કે શું ! કારણ કે આ પૃથ્વી ઘણાં સ્થાનને ધારણ કરનારી છે. ॥ ૬૦ ॥

यदेहकान्तिनगिभिर्विजिता सुवर्ण-
केतक्यरण्यनिभसौरभकेलिभूमिः ।
[illegible]
हालाहलं नपदि [illegible] किं ॥ ६१ ॥

ભાવાર્થ—અનુપમ સુગંધની ક્રીડાભૂમિ રૂપ સુવર્ણની કેતકી તેના શરીરની શ્રેણીઓથી પરાભવ પામી દુઃખી થઈ, પોતાની ઉપર આસક્ત થએલા ભમરાઓના સમૂહના મિષથી જાણે હળાહળ વિષને પાન કરતી હોય તેમ લાગે છે. ॥ ૬૧ ॥

प्रावृट्‌ [illegible] चातकपक्षिणो वा
[illegible]
मुक्तिर्मिताक्षरवचस्य यथा मुमुक्षोः
सा सज्जनस्य रमणी [illegible] ॥ ६२ ॥

ભાવાર્થ—ચાતકપક્ષીને જેમ વર્ષાઋતુ, ગજેન્દ્રને જેમ કોમળ ફળવાળી સલ્લકીનું વૃક્ષ, [2]મિત વચનને સેવન કરનારા મુમુક્ષુ જનને જેમ મુક્તિ પ્રિય હોય છે; તેમ સજ્જન શેઠીને ઉત્તમ ગુણોથી અંકીત થએલી તે માલ્હણદેવી પ્રિય થઈ પડી હતી. ॥ ૬૨ ॥

---

૧ જે માણસ પરાભવ પામે તે જનતાથી વિષપાન કરે છે તેમ કેતકી હળાહળનું પાન કરતી હતી. હળાહળ વિષ કાળું છે તેથી ભમરાની ઉપમા ઘટે છે.

૨ મુમુક્ષુ જન મિત-અલ્પ વચન બોલે છે.

शार्दूलविक्रीडित.

दंपत्योरनपत्ययोः किल तयोर्जाग्रद्यशःख्यातयो
र्देवार्चागुरुवंदनप्रभृतिसत्पुण्यप्रथापूतयोः ।
पौलोमीपुरुहूतयोरिव मिथः प्रेमप्रकर्षोल्लस-
त्प्रीतिस्फीतिजुषोः सुखोदयमयः कालः कियानत्यगात् ॥६३॥

ભાવાર્થઃ—દેવપૂજા, ગુરૂવંદન વગેરે સત્કર્મના આચરણથી પવિત્ર યશથી વિખ્યાત અને ઈંદ્ર અને ઈંદ્રાણીની પેઠે પરસ્પર પ્રેમના ઉત્કર્ષથી ઉલ્લાસ પામતી પ્રીતિને સેવન કરતા એવા તે દંપતી (સજ્જન શેષ્ટી તથા માહ્લણદેવી) નો કેટલોએક કાળ કાંઈ સંતતિ વગર સુખના ઉદયમાંજ નિર્ગમન થઈ ગયો. ॥ ૬૩ ॥

इति युगप्रधानावतारश्रीबृहत्तपागच्छशृंगारहारपरमगुरुपूज्याराध्यमहागच्छपुरंदरश्रीसोमसुंदरसूरिसौभाग्यादिगुणव्यावर्णने तच्छिष्यपंडितप्रतिष्ठासोमविरचिते श्रीसोमसौभाग्यनाम्नि काव्ये श्रीगुरुजन्मभूम्यादिप्रकटनो नाम प्रथमः सर्गः ॥ १ ॥

ભાવાર્થ—યુગના પ્રધાન અવતાર, શ્રી મહાન્ તપાગચ્છના શ્રૃંગાર હારરૂપ, પરમગુરૂ, પૂજવા યોગ્ય, આરાધન કરવા યોગ્ય, અને આચાર્યોના ઈંદ્ર એવા શ્રી સોમસુંદરસૂરિના સૌભાગ્ય વગેરે ગુણોનું જેમા વર્ણન છે, અને જે તેમના શિષ્ય પંડિત સોમસૂરિએ રચેલું છે એવા આ શ્રીસોમસૌભાગ્ય નામના કાવ્યમા શ્રી ગુરૂની જન્મભૂમિ વગેરેને પ્રકટ કરનાર પ્રથમ સર્ગ સમાપ્ત થયો. ॥ ૧ ॥

॥ द्वितीयः सर्गः ॥

[illegible] ।
[illegible] ॥ १ ॥

ददतं दर्शनात्प्रीतिस्फीतिविधायिनम् ।
सोमं ध्वस्ततमस्तोमं व्योममंडलमंडनम् ॥ २ ॥
गिरीशगिरिवच्छुभ्रं बिभ्राणं सकलाः कलाः ।
क्षालयंतं दिगंतं च ज्योतिरुज्ज्वलसज्जलैः ॥ ३ ॥
चकोरपक्षिपक्षस्य प्रकृष्टप्रमदप्रदम् ।
सिंचंतं चामृतस्पर्धिकरैर्दर्पकरैर्दृशः ॥ ४ ॥
चतुर्भिः कलापकम् ।

ભાવાર્થ—ઉજ્જવળ મુખવાળી, પ્રશંસા કરવા યોગ્ય અને ઇંદ્રોની વાણીએ સ્તુતિ કરવા યોગ્ય એવી સંતાનની પ્રાપ્તિમાં આદરવાળી તે સજ્જન શેઠની પ્રિયા માલ્હણદેવીએ એક વખત સ્વપ્નામાં પૂર્ણચંદ્રને જોયો. નેત્ર[1] યુગ્મને જે ચંદ્ર અતિ પ્રીતિ કરનાર, અંધકારના સમૂહનો નાશ કરનાર, ગગન મંડળના આભૂષણ રૂપ કૈલાસગિરિના જેવો શ્વેત અને સર્વ કળાઓને ધારણ કરતો હતો. વળી જે પોતાના તેજ રૂપ ઉજ્વલ જળથી દિશાઓના પ્રાન્ત ભાગને [2]પ્રક્ષાલન કરતો હતો. ચકોર પક્ષીના સમૂહને અધિક હર્ષ આપતો હતો અને અમૃતને [3]સ-વનારા હર્ષકારી કિરણોથી દ્રષ્ટિઓમાં સિંચન કરતો હતો. ૧-૨ ૩-૪

प्रातः प्रातस्त्यकृत्यानि स्वांते हर्षं दधत्यथ ।
दयिता स्वदयितस्याग्रे सा स्वकीयं स्वप्नं न्यवेदयत् ॥ ५ ॥

ભાવાર્થ—પ્રભાતે માલ્હણદેવીએ પ્રાતઃકાળનું નિત્યકર્મ કરી, હૃદયમાં હર્ષ પામી પોતાના પતિની આગળ તે સ્વપ્નની હકીકત નિવેદન કરી. ॥ ૫ ॥

सोत्कर्षं स समाकर्ण्य सवर्णः स्वर्णवर्णवत् ।
अर्थमस्यार्थमाहेदं नूनं पूर्णमनोरथः ॥ ६ ॥

ભાવાર્થઃ—સુવર્ણના જેવી કાંતિવાળો તે વિદ્વાન્ સજ્જન શેઠી

૧ યુગ્મ—જોડી, બે. ૨ ધોતો હતો. ૩ ઝરનાર.

ઉંચા કાન કરી તે સ્વપ્ન સાંભળી તત્કાળ પોતાનો મનોરથ પ
વાનું માની, સ્વપ્નનો યથાર્થ અર્થ બોલ્યો. ॥ ૬ ॥

सोमवत् सौम्यरूपश्रीमूर्तिः स्फूर्तिमनोहरः ।
पुत्रस्तव पवित्रात्मा जगदानंदयिष्यति ॥ ७ ॥

ભાવાર્થઃ—હે પ્રિયા, સોમ (ચંદ્ર) ના જેવી સૌમ્ય[1] તથ
મણીય મૂર્તિવાળો અને મનોહર સ્ફૂર્તિ વાળો તમને પવિત્ર પુત્ર
અને આ જગતને આનંદ આપશે. (એવો આ સ્વપ્નનો ભાવ છે

पूर्णेदुबिंबपानादिदोहदं सुहृदां प्रियः ।
सज्जनः पूरयामास मांसलश्रीर्मृगीदृशः ॥ ८ ॥

ભાવાર્થઃ—સુહૃદ્વર્ગને પ્રિય અને અનંત લક્ષ્મીવાળા શ
ન શ્રેષ્ઠીએ પોતાની સુહૃદ પ્રિયાને પૂર્ણ ચંદ્રબિંબનું પાન ક
દોહદ[2] થયું તે (તથા બીજા સર્વ દોહદો) પૂર્ણ કર્યું. ॥ ૮ ॥

पूर्णेऽथ समये सद्मासुरे वासुरेऽपि च ।
उच्चस्थानस्थितेषूच्चैर्ग्रहेषु निखिलेष्वपि ॥ ९ ॥
लग्ने लग्नेश्वरस्थित्यादिकभूषणभूषिते ।
रजोमुक्तासु मुक्तांशुशुभ्रास्वखिलदिक्षु च ॥ १० ॥
व्योमाग्निवार्धिशीतांशुमिते संवत्सरे वरे ।
प्रमदा प्रमदाद्वैतदायिनं सुषुवे सुतं ॥ ११ ॥
त्रिभिर्विशेषकम् ॥

ભાવાર્થઃ—પૂર્ણ સમય થતાં શુભ દિવસે સર્વ ગ્રહો ઊંચા
નમાં આવ્યા હતા, લગ્ન[3] પતિની સ્થિતિ વગેરે આભૂષણોથી
હતી. સર્વ દિશાઓ રજથી મુક્ત અને ઉજ્વળ કિરણોથી શુભ[4]

૧ પ્રસન્ન. ૨ દોહદ-દોહલા અર્થાત્ તેને પૂર્ણચંદ્રના
પાન કરવાનો દોહલો થયો. ૩ લગ્નની રાશિનો સ્વામી. ૪ શુભ્ર, ધોળી

આવા સમયમાં સંવત્ ૧૪૩૦ ના ઉત્તમ સંવત્સરને વિષે માલ્હણુ-દેવીએ અદ્વૈત હર્ષને આપનારા એવા પુત્રને જન્મ આપ્યો. ૯-૧૦-૧૧

तद्दिने सदनन्तश्रीसश्रीकं सज्जनस्य तत् ।
ध्वानैर्वाद्यैर्नभोऽप्यासीच्छब्दाद्वैतमयं तदा ॥ १२ ॥

ભાવાર્થઃ—તત્કાળ તે સજ્જનનું ગૃહ મધુર વાજિંત્રોથી અનંત લક્ષ્મીવડે શોભિત થયું, અને આકાશ પણ શબ્દોથી અદ્વૈત થઈ ગયું. ॥ ૧૨ ॥

सदनेऽक्षतपात्राणि हर्षोत्कर्षश्च मानसे ।
न ममुः सज्जनस्याहो सच्चक्रे चक्रवर्तिनः ॥ १३ ॥

ભાવાર્થ—સજ્જન પુરૂષોના સમુહમાં ચક્રવર્તી એવા સજ્જન શેઠીના ઘરમાં અક્ષતપાત્રો[1] સમાતાં નહોતાં, તેજ પ્રમાણે તેના હૃદયમાં હર્ષોત્કર્ષ પણ સમાતો નહોતો. ॥ ૧૩ ॥

कीर्तिलक्ष्मीनिदानानि दानानि स्वजना ददुः ।
जगुश्च स्फारशृंगारा धवलान्यबलागणाः ॥ १४ ॥

ભાવાર્થ—સ્વજનો કીર્તિ રૂપી લક્ષ્મીના કારણ રૂપ દાનો[2] આપતા હતા, અને સ્ત્રીઓનો સમૂહ ઘણાં શૃંગાર ધારણ કરી ધવલ મંગળ ગીતો ગાતો હતો. ॥ ૧૪ ॥

विभांति स्म गृहे मुक्तास्वस्तिकाः स्वस्तिकारिणः ।
तोरणानि च बद्धानि कोमलाम्रदलोत्करैः ॥ १५ ॥

ભાવાર્થ—ઘેર ઘેર કલ્યાણકારી મોતીના સાથીઆ શોભતા હતા, અને આંબાના કોમલ પત્રોના સમૂહથી તોરણો બંધાયા હતા. ॥૧૫॥

उच्छ्रितानि विभांति स्म केतनानि निकेतने ।
अमारि घोषिताक्षेमः पुण्याणां प्रसरोऽपरे च ॥ १६ ॥

---

૧ અક્ષતપાત્ર-ચોખાના ભરેલા થાળ વધામણી નિમિત્ત આવતા તે.
૨ જે દાનો કરવાથી કીર્તિ અથવા શોભા વધે તે.

ભાવાર્થ—ઘર ઉપર ઉંચી કરેલી ધ્વજાઓ ... સર્વ કલ્યાણને નિવારનાર પુરુષોના હાથ ... હતા.

स्वस्त्रीणामि गीतानि गायंति स्म च गायकाः ।
नित्यं नृत्यं ननृतुः पुण्यं पण्यांगनाजना ॥१७॥

ભાવાર્થ—ગાયકજનો રસિક ગાયનો ગાતા હતા, અને ... ઓ નિત્યે પવિત્ર નૃત્ય કરતી હતી. ॥ ૧૭ ॥

चतुर्जयजयारावं चक्रिरे तानि दानिनः ।
पेठुर्भट्टाश्च वृत्तानि तस्य सच्चरितानि ॥१८॥

ભાવાર્થ—ચારણોના સમૂહ દાન કરનારા તે સજ્જ જયધ્વનિ કરતા હતા, અને ભાટ લોકો સારા આચરણે એવા તેના સચ્ચરિત્રો કહેતા હતા. ॥ ૧૮ ॥

दृष्टिप्रसादेषु प्रासादेषु जिनेशितुः ।
चक्रिरे तेन पूजाद्या दृष्टा नवनवोत्सवाः ॥१९॥

ભાવાર્થ—દૃષ્ટિ પ્રસન્ન કરનારા શ્રી અર્હંત પ્રભુના [૧] શ્રેષ્ઠીએ પૂજા વગેરે અવનવા મનોહર ઉત્સવો કરાવ્યા હતા.

*दीनाद्येषु ससन्मानं दानं चानंदसुंदर ।
ददौ सदौचितीपूतः पात्रेषु तु विशेषतः ॥२०॥

ભાવાર્થ—આનંદથી મનોહર અને હમેશાં યોગ્યતાથી એવા શ્રેષ્ઠી સર્વને માન પૂર્વક દાન આપતા હતા, અને તેમા પણ પાત્રોને વિશેષપણે આપતા હતા. ॥ ૨૦ ॥

जनुर्दिनाद्दिने प्राप्ते द्वादशे निदशोद्यमा ।
चित्ते चित्तेजसा सज्जः सज्जनो विममर्श सः ॥२१॥

ભાવાર્થ—કુમારના જન્મ દિવસથી બારમો દિવસ પ્રાપ્ત

૧ દેરાશરોમાં * અહિં "दानीयेषु" આવા પાઠ હોવો જોઈએ

ઇંદ્રના જેવી કાંતિવાળો અને ચૈતન્ય તેજથી યુક્ત એવો સજ્જનમંત્રી ચિત્તમાં નીચે પ્રમાણે વિચાર કરવા લાગ્યો. ॥ ૨૧ ॥

दानानि सन्ति भूयांसि श्रेयांसि जगतीतले ।
अन्नदानस्य नो तानि कलामर्हन्ति षोडशीम् ॥ २२ ॥

ભાવાર્થ—આ પૃથ્વી ઉપર કલ્યાણકારક ઘણા પ્રકારનાં દાનો છે, તે પણ એક અન્નદાનની સોળમી કળાને પણ યોગ્ય થતાં નથી.[1] ૨૨

रक्षोयक्षोरगव्याघ्रभूतप्रेतविरोधिनः ।
फलन्नानान्नदानात् क्षणात् जायंते ते वशंवदाः ॥ २३ ॥

ભાવાર્થ—રાક્ષસ, યક્ષ, સર્પ, વ્યાઘ્ર, ભૂત, પ્રેત અને વિરોધી શત્રુઓ એ સર્વ અન્નદાનથી તત્કાળ વશ થઈ જાય છે. ॥ ૨૩ ॥

तद् भोजयामि स्वज्ञातीन् जयामि कलिविद्विषं ।
संयोजयामि स्वं पुण्यैर्गमयामि च सद्गतिम् ॥ २४ ॥

ભાવાર્થ—તેથી હું મારા જ્ઞાતિજનોને ભોજન આપું, આ કળિકાળ રૂપી શત્રુને જિતી લઉં, મારા આત્માને સુકૃત સાથે જોડી દઉં અને તેને સદ્‌ગતિએ પમાડું. ॥ ૨૪ ॥

विचिन्त्येति ततः पुण्यैस्ततः सज्जनमंत्रिराट् ।
पुरे निमंत्रयामास स्वगोत्रान् गोत्रपुंगवः ॥ २५ ॥

ભાવાર્થ—ઉપર પ્રમાણે મનમાં ચિંતવી સ્વગોત્રમાં ઉત્તમ અને પુણ્યથી વૃદ્ધિ પામેલા સજ્જન મંત્રિરાજે નગરમાં સ્વગોત્રીઓને આમંત્રણ કર્યું. ॥ ૨૫ ॥

ततः सुवर्णदुर्वर्णकांस्यभाजनमंडली ।
अमंडि सुचितैः पंक्त्यां चतुरैः स चतुष्किका ॥ २६ ॥

ભાવાર્થ—ત્યારપછી ચતુર પુરુષોએ ભોજનપંક્તિમાં સોના રૂપા અને કાંસાનાં પાત્રો ચતુરાઈથી ગોઠવ્યાં. ॥ ૨૬ ॥

---

૧ અર્થાત્ સર્વ દાનોમાં અન્નદાન શ્રેષ્ઠ છે.

સંપતિથી શોભિત એવી અતુલ રાજ્યલક્ષ્મી પણ વિદ્યાથી પ્રાપ્ત થાય છે. ॥ ૪૮ ॥

निःश्रीकोऽपि हि सश्रीको विद्याभूषणभूषितः ।
स्वदेशे परदेशेऽपि स्थानं मानं लभेत सः ॥ ४९ ॥

ભાવાર્થ—જે વિદ્યા રૂપ આભૂષણથી ભૂષિત છે તે લક્ષ્મી રહિત છતાં લક્ષ્મીમાન્ છે, અને તે સ્વદેશ તથા પરદેશમાં પણ સ્થાન તથા માન મેળવે છે. ॥ ૪૯ ॥

विद्या ह्यंतर्गतं वित्तं चित्ते त्रिजगतीतले ।
न विज्ञचित्तकोशस्थं मुष्यते परिमोषिभिः ॥ ५० ॥

ભાવાર્થ—વિદ્યા એ ચિત્તની અંદર રહેલું વિત્ત (દ્રવ્ય)છે. વિદ્વાનના ચિત્ત રૂપી ખજાનામાં રહેલું વિદ્યારૂપી વિત્ત ચોર લોકોથી ચોરી પણ શકાતું નથી. ॥ ૫૦ ॥

भोगाभोगार्पणप्रह्वा भाग्यसौभाग्यवर्द्धनी ।
सुहृद्बंधुसमा विद्या विद्याविद्भिर्निगद्यते ॥ ५१ ॥

ભાવાર્થ—સર્વ જાતના ભોગના વિસ્તારને અર્પણ કરવામાં નમ્ર અને ભાગ્ય તથા સૌભાગ્યને વધારનારી વિદ્યા ખરેખર સુહૃદ તથા બંધુના જેવી છે, એમ વિદ્વાનો કહે છે. ॥ ૫૧ ॥

यथा प्रथाकथाहीनो मणिर्वैकटिकेन वै ।
संस्कृतः सुरनिप्रख्यैरिधैर्मूर्ध्नि धार्यते ॥ ५२ ॥
तथा मर्त्योऽनवद्याभिर्विद्याभिः समलंकृतः ।
इलातलेऽखिलेऽप्यस्मिन् स पूज्यैरपि पूज्यते ॥५३॥ युग्मम् ॥

ભાવાર્થ—જેમ પ્રખ્યાતિ વગરનો મેલો મણિ મણિકારે સંસ્કારથી સુધાર્યો હોય તો તેને મહાન્ પુરૂષો પોતાના મસ્તકમાં ધારણ કરે છે, તેમ નિર્દોષ, વિદ્યાથી અલંકૃત એવો પુરૂષ આ સમગ્ર ભૂમંડલમાં પૂજનીય પુરૂષોથી પણ પૂજ્ય છે. ૫૨–૫૩

तदिमं त्वांगजं विद्याविन्ध्याद्रिमामतंगजम् ।
कुरु सर्वेश्वरं विद्वं भाजनं शोभनः ॥ ५४ ॥

ભાવાર્થ—તેથી આ મારા કુમારને ભણવાનો ગોઠ કરી વિદ્યારૂપી વિન્ધ્યગિરિની[1] ભૂમિમાં ગજેન્દ્ર રૂપ અને પછી બુદ્ધિવાળો વિદ્વાન્ કરૂં. ॥ ૫૪ ॥

ततो मौहूर्तिकमर्हं समाहूतं स कार्यवित् ।
पप्रच्छायुष्मतो पुत्रविद्याभ्यासनवासरम् ॥ ५५ ॥

ભાવાર્થ—ત્યારપછી કાર્યને જાણનાર અને ઉત્તમ બુદ્ધિવાળા એ જોષીને એક સારા જોષીને બોલાવી પુત્રના વિદ્યાભ્યાસને માટે શુભ દિવસ પુછયો. ॥ ૫૫ ॥

ज्योतिर्विदा पुरस्तिष्टे सर्वधेऽथ दिने ततो ।
तत्कुमारं कुमारं सोऽधिरोप्य तरगे हये ॥ ५६ ॥
हयानोत्सवेऽस्मिन् वाद्यमाने नगीगणे ।
दीयमानेऽसमाने च दाने मानेन संयुते ॥ ५७ ॥
धवले सधवस्त्रीभिर्गीयमाने मनोहरे ।
सुखं कुर्वत्सवर्ण च नर्मदीपेऽधिके पुरः ॥ ५८ ॥
अपमंगलमानःपातोपात्यादस्य पराहेमनः ।
धाम्यर्धं स महीपेन्द्र हर्षपूर्णो निनाय तं ॥ ५९ ॥

चतुर्भिः कलापकम् ॥

ભાવાર્થ—જ્યોતિષીએ હર્ષથી બતાવેલા વર્ષની એક દિવસે એણીએ કુમારને ઉત્તમ વસ્ત્રાભૂષણ પરાવી ઉત્તમ અશ્વ ઉપર બેસાર્યો. તે વખતે મનોહર વાજિંત્રોનો અપરિમિત શબ્દ આકાશના આંગણામાં વ્યાપી રહ્યા હતો. સન્માન પૂર્વક અનુકંપ દાન અપાતા હતા, સધવા સ્ત્રીઓ મનોહર ધવલ મંગલ ગીત ગાતી હતી, આગળ અપાર

1 વિન્ધ્યગિરિમાં ગજેન્દ્રો ઉત્પન્ન ... અને તેમાંજ નિવાસ કરે છે.

થી રહિત હતો.[1] ॥ ૬૮ ॥

स्तोकेनापि हि कालेन सर्वशास्त्रमहोदधेः ।
पारं स प्राप निष्पापप्रज्ञावज्ञातगीष्पतिः ॥ ६९ ॥

ભાવાર્થ—પોતાની નિર્દોષ બુદ્ધિથી બ્રહસ્પતિની પણ અવજ્ઞા કરનાર તે કુમાર થોડા વખતમાજ સર્વ શાસ્ત્ર રૂપી મહાસાગરના પારને પામી ગયો. ॥ ૬૯ ॥

अहीनशारदीनश्रीसश्रीकेंदुस्फुरद्धिया ।
जिगाय गायनैर्गीतकीर्त्तिस्फूर्त्तिः स भार्गवं ॥ ७० ॥

ભાવાર્થ—ગાયકોએ જેની સ્ફુરણાયમાન ગાયેલી છે એવા કુમારે શરદઋતુની પૂર્ણ શોભાથી સુશોભિત એવા ચંદ્રના જેવી બુદ્ધિ વડે શુક્રાચાર્યને પણ જિતી લીધો હતો.[2] ॥ ૭૦ ॥

प्रगुणैः सद्गुणैः सोमः शुशुभे स शुभेक्षणः ।
कासार इव वाःसारः सितद्युतिसितच्छदैः ॥ ७१ ॥

ભાવાર્થ—ઉજ્વલ કાંતિવાળા હંસપક્ષીઓથી જેમ પૂર્ણ સરોવર શોભે તેમ તે શુભ નેત્રવાળો સોમકુમાર શ્રેષ્ઠ સદ્ગુણોથી શોભવા લાગ્યો. ॥ ૭૧ ॥

शार्दूलविक्रीडितम् ॥

इत्थं श्रीपतिसज्जनस्य तनयः स्फूर्जन्नयश्रीमयः ।
सोमः सोमसमुज्वलातुलयशःसंपूरितक्ष्मातलः ।
अश्रान्तः सकलान्कलान्कलयिता श्रीमत्प्रभाभारधर
कौपरनैव दिनव्रजान् स नयति प्रोद्यन्मति सद्गुति ॥ ७२ ॥

ભાવાર્થ—સ્ફુરણાયમાન નીતિ શોભાથી વ્યાપ્ત, ચંદ્રના જેવા ઉ-

૧ અર્થાત્ તે અંકગણિતમાં કુશલ થયો. ૨ અર્થાત્ તે શુક્રાચાર્યથી અધિક વિદ્વાન થયો.

....
અવત અતુલ યશથી પૃથ્વીને ¹શોભાવનાર, સજલ મેઘના જેવા
૨ શબ્દથી સુંદર, ચળકતી કાંતિથી પ્રકાશમાન અને ઉદિત મતિ
ઉત્તમ વૃત્તિને ધરનાર એવો શ્રી સજ્જન શેઠીનો પુત્ર સોમ
આવી રીતે આનંદમાં દિવસો નિર્ગમન કરતો હવો. ॥ ૭૨ ॥

ઇતિ શ્રીયુગપ્રધાનાવતારશ્રીબૃહત્તપાગચ્છશૃંગારહાર મ
પુરંદરશ્રીપૂજ્ય શ્રીસોમસુંદરસૂરિસૌભાગ્યવર્ણને સોમસૌભાગ
નામ્નિ શ્રીગુરુજન્મોત્સવાદિવર્ણનો દ્વિતિયઃસર્ગઃ ॥ ૨

॥ ઇતિ દ્વિતીયઃ સર્ગઃ સમાપ્તઃ ॥

॥ तृतीयः सर्गः ॥

श्रीवर्द्धमानः स जिनः प्रभूतविभूतये स्तात्सुरवृंद
यदागम सहृदयंगमोऽत्र ¹दीपायते तत्त्वरणप्रक

ભાવાર્થ—હૃદયને પ્રિય લાગે જેનું આગમ-શા
પ્રકાશ કરવામાં દીપક જેવું છે, અને જે સુખરૂપ નૃપ
છે એવા તે શ્રી વર્દ્ધમાન પ્રભુ ઘણી સંપત્તિને અર્થે થ

स तद्विनेयः सुरलोकपर्तिर्भूत्प्रभूताद्भुतलब्धि
श्रीगौतमः पापतमसमूहनिर्दलितदीप्तांशुनरोम

ભાવાર્થ—ઘણી અદ્ભુત લબ્ધિઓની સિ
વાળો જેની કીર્તિ ગાવા યોગ્ય છે એવા તે વીર

¹ અર્થાત્ આપણી પૃથ્વીમાં જેનો ઉજાશ પણ
... દીપક માર્ગને પ્રાપ્તિ કરે તેમ જે

स्थैर्यास्तगीर्वाणगिरिर्गरीयान् महागिरिः सूरिरतो बभासे ।
यो भक्तगेहेषु निरस्तभिक्षः श्रीजैनकल्पं तुलयांचकार ॥ ११ ॥

ભાવાર્થ—પોતાની દૃઢતાથી મેરૂગિરિને પણ હરાવનાર એવા અતિશય મહાન મહાગિરિ નામે આચાર્ય કે જેઓએ ભક્ત (શ્રાવક) જનને ઘેર ભિક્ષા માટે જવાનું પણ છોડી દઇ શ્રી જૈનરૂપી કલ્પની તુલના કરી હતી, ને એથીજ તેઓ પ્રકાશિત થયા હતા. ॥ ૧૧ ॥[1]

कर्मद्रुमोन्मूलनमत्तहस्तिप्रशस्तशौंडीर्यसुहस्तिसूरिः ।
बभौ सुधर्मोन्नतिकरो धरायां प्रबोधयन् श्रीनृपसंप्रतिं यः ॥ १२ ॥

ભાવાર્થ—કર્મ રૂપી વૃક્ષોને ઊખેડવામાં ઉન્મત્ત હસ્તિના જેવું જેમનું શૌર્ય છે એવા સુહસ્તીસુરિ નામે મહાત્મા પૃથ્વીમાં ધર્મની ઉન્નતિ કરનાર રૂપે શોભતા હતા, કે જેઓએ સંપ્રતિ રાજાને પ્રતિબોધ કર્યો હતો. ॥ ૧૨ ॥

श्रीइन्द्रदिन्नोऽपि च दिन्नसूरिर्भूरिप्रभावौ विमलस्वभावौ ।
उभावभूतां जिनशासनद्योप्रद्योतनद्योतविधुस्फुरन्तौ ॥ १३ ॥

ભાવાર્થ—શ્રી ઇંદ્રદિન્ન અને દિન્ન નામે બે સૂરી કે તેઓ બહુ પ્રભાવિક, નિર્મળ સ્વભાવવાળા અને જીનશાસન રૂપ આકાશને પ્રકાશ કરવામાં પ્રકાશમાન સૂર્ય, ચંદ્ર રૂપ થયા હતા. ॥ ૧૩ ॥

श्रीसिंहगिर्याख्यगुरुर्विराजो [illegible] गुणराजिरम्य ।
य [illegible] समाससमीपाः ॥ १४ ॥

ભાવાર્થ—ગુણોભિન ગુણોની શ્રેણીમાં રમણીય એવા તે સિંહગિરિ નામે સૂરિરાજ શોભતા હતા, કે જે સુરિએ સમાનને[illegible]

1 [illegible] મહાગિરિજીનાં વગેરે મળીને [illegible] ઘેર ભિક્ષા માટે જવાનું પણ છોડી [illegible]

યુક્ત પરાક્રમવાળા સિંહની પેઠે વાદી રૂપી ગજેંદ્રોના વૃંદને ત્રાસ
પાડયો હતો. ॥ ૧૪ ॥

श्रीवज्रसेनास्तु तमोरिजेता ज्ञातागमव्याक्षिपवादिजेता ।
जैनेश्वरं भास्वरशासनं च समुन्नतिं सप्तनयो निनाय ॥ १५ ॥

ભાવાર્થ—જ્ઞાતા સૂત્ર ઉપર આક્ષેપ કરનારા સમગ્રવાદીઓને
જિતનારા અને સપ્તભંગી નયને જાણનારા જે સૂરિએ પ્રકાશમાન
એવા જૈન શાસનને અત્યંત ઉન્નતિએ પહોંચાડયું હતું તે શ્રી વજ્ર
સ્વામી અજ્ઞાન રૂપ અંધકારને નાશ કરનારા થાઓ. ॥ ૧૫ ॥

अस्ताघसेनो गुरुवज्रसेनो जज्ञेऽस्य जाग्रद्विनयो विनेयः
यो वज्रभृद्वज्रसमः समस्तदुर्वादिगर्वाचलचूर्णनेऽभूत् ॥ १६ ॥

ભાવાર્થ—પાપની સેનાને નાશ કરનારા વજ્રસેન નામે તે વ
જ્રસ્વામીના વિનીત શિષ્ય થયા કે જેઓ સમગ્ર દુર્વાદીના ગર્વ રૂપ
પર્વતને છેદવામાં ઇંદ્રના વજ્ર જેવા હતા. ॥ ૧૬ ॥

नागेन्द्रचन्द्रावपि निर्वृतिश्च विद्याधरश्चेत्यभिधाप्रसिद्धाः ।
चत्वार एतस्य गुणान्वितस्य शिष्या भुवि ख्यातगुणा बभूवुः ॥१

ભાવાર્થ—દેવતાઓએ પૂજેલા તે વજ્રસેન સૂરિને નાગે
ચંદ્ર, નિર્વૃતિ, અને વિદ્યાધર એ નામે પ્રસિદ્ધ ચાર શિષ્યો હતા.
ઓના સદ્‌ગુણો પૃથ્વીમાં વિખ્યાત થયા હતા. ॥ ૧૭ ॥

एतेभ्य एतन्नामभ्य आसन् गच्छा चतुष्का भुवि यान्दिसंघ
नामानुरूपा विमलस्वरूपा विनम्रभूपाः शमवारिकूपाः ॥ १८

ભાવાર્થ—મોટા ધનાઢયો જેમને ભાવથી નમન કરતા
આ ચાર શિષ્યો થકી તેમના નામના પૃથ્વીમાં મોટા ચાર ગચ્છ
જેઓ સાર્થક નામવાળા, નિર્મળ સ્વરૂપ ધરનારા, નમ્ર રાજાઓ
નેલા, અને શમતારૂપી જળના કૂપ સમાન થયા હતા. ॥ ૧

श्रीचंद्रगच्छे स्वगुणैरतुच्छे क्रमात् क्षमाभृन्नतपादपद्मः ।
श्रीसर्वदेवः स्मृतसार्वदेवः सूरीश्वरोऽर्हन्मतभास्वरोऽभूत् ॥ १९ ॥

ભાવાર્થ—તેઓમાંથી શ્રીચંદ્રગચ્છમાં પોતાના ગુણોથી મોટ અને જેમના ચરણકમળને રાજાઓ નમેલા છે એવા શ્રી સર્વદેવ નાં સૂરીશ્વર થયા, કે જેઓએ સર્વજ્ઞ પ્રભુનું સ્મરણ કરી આર્હંતમત પ્રકાશિત કર્યો હતો. ॥ ૧૯ ॥

सर्वैनसां वृत्तदृढप्रहारं क्रमाद्विहारं रचयन् धरायाम् ।
श्रीअर्बुदोर्वीभृदुपत्यकायां सर्वोत्तमायां स समाजगाम ॥ २० ॥

ભાવાર્થ—શ્રી સર્વ દેવસૂરિ સર્વ પાપને દૃઢ પ્રહાર કર પૃથ્વીપર વિહાર કરતા કરતા અર્બુદાચલ (આબુ પર્વત) પાસે સર્વોત્તમ ભૂમિમાં આવી ચઢયા. ॥ ૨૦ ॥

छायाभिरामस्य वटद्रुमस्य तले तदानीं स मुनिर्निविष्टः ।
सर्वोत्तमं वीक्ष्य महामुहूर्तं मौहूर्तिकव्यूहवरेण्यकीर्तिः ॥ २१ ॥
प्रावादुकोल्लासनिरासकर्मण्यष्टौ परिष्ठाप्य इद्धबुद्धीन् ।
अतिप्रपत्सूरिवरान् दिगष्टगारिष्टगंधेभनिभान् शुभांश्च ॥२२॥ युग्मम्

ભાવાર્થ—ત્યાં છાયાવડે સુંદર એવા એક વડના વૃક્ષ ની આસન કર્યું. તે સમયે મુહૂર્તવેત્તાઓના સમૂહમાં જેની શ્રેષ્ઠ કીર્તિ એવા તે શ્રી સર્વદેવસૂરિએ તે સમયે સર્વોત્તમ મુહૂર્ત જોઈ વાદીઓના વિલાસને નાશ કરવાના કાર્યમાં અતિ સમર્થ પરાક્રમવાળા, આ દિશાઓના મદગંધી ગજેંદ્ર જેવા અને મહાબુદ્ધિમાન્ એવા આ સૂરિઓને સ્થાપિત કર્યા છે. ॥ ૨૧-૨૨ ॥

ततो गणः शिष्यततो वटाख्यापयातोऽमयत्क्वापि बृहद्गणाह्वः ।
तस्मिंश्च गच्छे प्रवरेषु भूरिसूरिष्वतीतेषु बहुश्रुतेषु ॥ २३ ॥
धीमान् जगच्चन्द्र इति प्रतीतनामा सुधामाजनि सूरिराजः ।
यद्दीप्तिवादाचार्यगुणा गणेन्द्रं यं शिश्रियु प्रेमभरप्रगुणा ॥२४॥ युग्मम्

ભાવાર્થ—શિષ્યોથી વિસ્તાર પામેલો તે ગચ્છ ત્યારથી પૃથ્વીમાં વડગચ્છ અથવા કોઇ ઠેકાણે વૃહદ્‌ગચ્છ એવા નામથી વિખ્યાત થયો. તે ગચ્છમા ઘણા અદ્ભુત વિદ્વાનો થઇ ગયા પછી શ્રીમાન્ જગચ્ચંદ્ર એવા નામે પ્રખ્યાત એક તેજસ્વી સુરિરાજ થયા. જેમના આશ્રી મેરુ જેવા આચાર્યના સર્વ ગુણોએ તે ગચ્છપતિનો આશ્રય કર્યો હતો * ૨૩-૨૪.

स्वगोभिर्दलितसमस्तपापतमाः क्ष्मातलदर्शितपुण्यमार्गः ।
जगज्जनानां प्रमदं वितन्वन् श्रीचन्द्रवच्चोऽजनि सार्थकाह्वः ॥२५॥

ભાવાર્થ—પોતાની વાણીથી સર્વ પાપ રૂપ અંધકારનો નાશ કરનાર, પૃથ્વીમાં પુણ્યનો માર્ગ દર્શાવનાર અને સર્વ વિશ્વજનને આહ્‌લાદ આપનાર તે જગચ્ચંદ્ર આચાર્ય ચંદ્રની[1] પેઠે સાર્થક નામવાળા થયા હતા. ॥ ૨૫ ॥

वैराग्यवान् द्वादशवत्सरान्याचामाम्लनिर्माणतपो व्यधत्त ।
दां दुस्तरं तेन तपागणेति गणस्य सत्ख्यातिरभूत् क्षमायां ॥२६॥

ભાવાર્થ—જગચ્ચંદ્ર આચાર્યે વૈરાગ્ય ધરી બાર વર્ષ સુધી દુસ્તર એવું આંબિલનુ તપ કર્યું હતુ. તેથી તેમનો આ ગણ તપાગચ્છ એવા નામે પૃથ્વીમા વિખ્યાત થયો હતો. ॥ ૨૬ ॥

श्रीमज्जगच्चन्द्रगुरोर्विनेयस्त्वमेयसद्गुणगुणैर्विनिद्रः ।
देवेन्द्रमर्त्येन्द्रमुनीन्द्रवंद्यो देवेन्द्रसूरिः समभूत् प्रभावकः ॥ २७ ॥

ભાવાર્થ—ઉત્તમ પુરૂષોએ વર્ણવવાયોગ્ય એવા અપરિમિત ગુણોથી પ્રકાશિત, અને દેવેંદ્ર, નરેંદ્ર અને મુનીંદ્રોએ વંદવા યોગ્ય

---

* અર્થાત્ ગચ્છમા જેટલા ગુણો જોઇએ તે ગુણો તેનામાં હતા.

1 ચંદ્ર જેમ જગતને આહ્‌લાદ આપે છે તેમ તે જનોને આહ્‌લાદ આપતા હતા.

એવા દેવેંદ્રસૂરિ નામે તે જગચ્ચંદ્ર ગુરૂના તેજસ્વી શિ- થયા હતા. ॥ ૨૭ ॥

व्याख्याकलां यस्य कलां विलोक्य श्रीवस्तुपालादिमहेश्वरास्ते ।
के घूर्णयंति स्म न पूर्णचित्ताः शीर्षाणि हर्षेण च विस्मयेन ॥२८॥

ભાવાર્થ—દેવેંદ્રસૂરિની વ્યાખ્યાન કરવાની મધુર કળા જોઈ શ્રી વસ્તુપાળ વગેરે કયા મોટા રાજ્ય ધનાઢ્યોએ ચિત્તમાં હર્ષ તથી અને વિસ્મયથી પૂર્ણ થઈ મસ્તકોને ધુણાવ્યા નહતા ? અર્થાત્ તેમની વ્યાખ્યાન કરવાની કળા એવી ઉત્તમ હતી કે, તેથી સર્વે ભક્તો-શ્રાવકો તેમને ભાવિકપણે નમતા હતા, અને તેમની પ્રશંસા કરતા હતા. ॥ ૨૮ ॥

कर्मस्वरूपप्रथनाय कर्मग्रंथादिसद्ग्रंथविधानवेधाः ।
मेधाप्रधानो जगतां गतांहा व्यभासयज्जैनमतं मतं यः ॥ २९ ॥

ભાવાર્થ—કર્મના સ્વરૂપને જણાવનાર કર્મ ગ્રંથ વગેરે ગ્રંથોને રચનારા અને બુદ્ધિમાન્ તથા પાપરહિત એવા તે સૂરિએ જગતને માન્ય એવા જૈનમતને દીપાવ્યો હતો. ॥ ૨૯ ॥

संशुद्धसाधुस्थितिदुर्गमार्गं प्ररूपयंश्चारु समाचरंश्च ।
अनल्पसंकल्पितदानकल्पद्रुमोऽभवद्यो जिनकल्पिकल्पः ॥ ३० ॥

ભાવાર્થ—મુનિઓની શુદ્ધ મર્યાદામાં દુર્ગ રૂપ એવા માર્ગની પ્રરૂપણા કરનાર, ઉત્તમ રીતે વર્તનાર અને ઘણા સંકલ્પિત દાન આપવામાં કલ્પવૃક્ષ રૂપ એવા તે આચાર્ય જિનકલ્પીની સમાન થયા હતા. ॥ ૩૦ ॥

ख्यातो दिगंते विततेऽर्हदेवासी स्वदासीकृतदेवसूरिः ।
निस्सीमगंभीरिमहृद्यविद्यानंदाख्यसूरींद्र इहावभासे ॥ ३१ ॥

ભાવાર્થ—વિસ્તારવાળા દિગંતમાં વિખ્યાત, બૃહસ્પતિને પણ પોતાના દાસ કરનાર અને અપરિમિત ગાંભીર્યથી મનોહર એવા વિદ્યાનંદ નામે સૂરિ તે દેવેંદ્રસૂરિના શિષ્ય થયા હતા. ॥ ૩૧ ॥

नवोद्गता कल्पलता श्रिता या सरित्पतिं या सरितस्तता या ।
मरालबाला इव मानसं या यं हृद्यविद्या हि तथा प्रथाढ्याः ॥३२॥

ભાવાર્થ—નવીન લતાઓ જેમ વૃક્ષનો આશ્રય કરે, વિસ્તીર્ણ સરિતાઓ જેમ સમુદ્રનો આશ્રય કરે અને હંસલીઓ જેમ માન સરોવરનો આશ્રય કરે તેમ મનોહર અને પ્રખ્યાત વિદ્યાઓએ તે વિદ્યાનંદ સૂરિનો આશ્રય કર્યો હતો. ॥ ૩૨ ॥

प्रह्लादनपूर्पुरपत्तने श्रीमत्प्रह्लादनोर्वीपतिसद्विहारे ।
श्रीगच्छधुर्यैः किल यस्य वर्यश्रीसूरिमंत्रे सति दीयमाने ॥ ३३ ॥
सत्पात्रमात्रातिगसद्गुणानिप्रह्लादहृद्भूस्म्यपलेखा ।
कर्पूरकाश्मीरजकुंकुमादिगंधोदकं प्राक् ववृषुस्तदानीम् ॥३४॥युग्मम्

ભાવાર્થ—પ્રહ્લાદન નગરમાં શ્રી પ્રહ્લાદન રાજાના કરેલા પ્રહ્લાદન નામના વિહાર વિષે શ્રીગચ્છના અગ્રેસર એવા સૂરિઓએ જ્યારે તે વિદ્યાનંદ સૂરિને આચાર્યમંત્ર આપ્યો ત્યારે સત્પાત્રના અસંખ્ય સદ્‌ગુણોથી હૃદયમાં હર્ષોત્કર્ષ ધારણ કરતા ઉત્તમ દેવતાઓએ તત્કાળ તેમની ઉપર કપૂર, કેશર અને કુંકુમના સુગંધી જળની વૃષ્ટિ કરી હતી. ॥ ૩૩-૩૪ ॥

तत्पट्टपूर्वाद्रिदिनेन्द्रभानुर्जगज्जनाह्लादनशीतभानुः ।
श्रीधर्मघोषः स्फुरदम्बुघोषः स नंदतात्सिंचितपुण्यपोषः ॥ ३५ ॥

ભાવાર્થ—તેમના પટ્ટ રૂપી ઉદયગિરિમાં સૂર્ય રૂપ, જગત્ જનને આનંદ આપવામાં ચંદ્ર સમાન, મેઘના જેવા ગંભીર શબ્દવાળા અને પુણ્યનું પોષણ કરનાર શ્રીધર્મઘોષ નામે સૂરિ હમેશા આનંદ પામો. ॥ ૩૫ ॥

प्रबोधितो येन नवेन साधुः पृथ्वीधरः साधुधुरंधरोऽसौ ।
रसात् विहारांश्चतुरश्चतुर्भिः समं विशालान् ...कार्षीत् ॥३६॥

એવા દેવેંદ્રસૂરિ નામે તે જગચ્ચંદ્ર ગુરૂના તેજસ્વી
થયા હતા. ॥ ૨૭ ॥

व्याख्याकलां यस्य कलां विलोक्य श्रीवस्तुपालादिमहेभ्य
के घूर्णयंति स्म न पूर्णचित्ताः शीर्षाणि हर्षेण च विस्मयेन ॥

ભાવાર્થ—દેવેંદ્રસૂરિની વ્યાખ્યાન કરવાની મધુર કળા જોઈ
વસ્તુપાળ વગેરે કયા મોટા શ્રેષ્ઠ ધનાઢ્યોએ ચિત્તમાં હર્ષ લાવી
વિસ્મયથી પૂર્ણ થઈ મસ્તકોને ધુણાવ્યાં નહતાં? અર્થાત્ તેમની
ખ્યાન કરવાની કળા એવી ઉત્તમ હતી કે, તેથી સર્વે ભક્તો-શ્રાવ
તેમને ભાવિકપણે નમતા હતા, અને તેમની પ્રશંસા
હતા. ॥ ૨૮ ॥

कर्मस्वरूपप्रथनाढ्यकर्मग्रंथादिसद्ग्रंथविधानवेधाः ।
मेधाप्रधानो जगतां मतांहा व्यभासयज्जैनमतं मतं यः ॥ २९

ભાવાર્થ—કર્મના સ્વરૂપને જણાવનાર કર્મ ગ્રંથ વગેરે ગ્રં
રચનારા અને બુદ્ધિમાન્ તથા પાપરહિત એવા તે સૂરિએ જગ
માન્ય એવા જૈનમતને દીપાવ્યો હતો. ॥ ૨૯ ॥

संशुद्धसाधुस्थितिदुर्गमार्गे प्ररूपयंश्चारु समाचरंश्च ।
अनल्पसंकल्पितदानकल्पद्रुमोऽभवद्यो जिनकल्पिकल्पः ॥ ३०

ભાવાર્થ—મુનિઓની શુદ્ધ મર્યાદામાં દુર્ગ રૂપ એવા માર્ગની
રૂપણા કરનાર, ઉત્તમ રીતે વર્તનાર અને ઘણું સંકલ્પિત દાન
વામાં કલ્પવૃક્ષ રૂપ એવા તે આચાર્ય જિનકલ્પીની સમાન
હતા. ॥ ૩૦ ॥

ख्यातो दिगन्ते विलते तदीयोपासी स्वदासीकृतदेवसूरिः ।
निस्सीमगंभीरिमहृद्यविद्यानंदाह्वसूरींद्र इहावभासे ॥ ३१ ॥

ભાવાર્થ—વિસ્તારવાળા દિગંતમાં વિખ્યાત, બૃહસ્પતિને
પોતાના દાસ કરનાર અને અપરિમિત ગાંભીર્યથી મનોહર
વિદ્યાનંદ નામે સૂરિ તે દેવેંદ્રસૂરિના શિષ્ય થયા હતા. ॥ ૩૧ ॥

मनोहरं नव्यलताः श्रिता या सरित्पतिं या सरितस्तता या ।
मरालबाला इव मानसं या यं हर्षविद्या हि तथा प्रथाढ्याः ॥३२॥

ભાવાર્થ—નવીન લતાઓ જેમ વૃક્ષનો આશ્રય કરે, વિસ્તીર્ણ સરિતાઓ જેમ સમુદ્રનો આશ્રય કરે અને હંસલીઓ જેમ માન સરોવરનો આશ્રય કરે તેમ મનોહર અને પ્રખ્યાત વિદ્યાઓએ તે વિદ્યાનંદ સૂરિનો આશ્રય કર્યો હતો. ॥ ૩૨ ॥

प्रल्हादनक्ष्मापकृतप्रपत्तने श्रीमल्हादनोर्वीपतिसद्विहारे ।
श्रीगच्छधुर्यैः किल यस्य वर्यैः श्रीसूरिमंत्रे सति दीयमाने ॥ ३३ ॥
सत्पात्रमात्रानिगलद्गुणातिप्रहृष्टहृद्भिर्भृशमप्यलेखाः ।
कर्पूरकाश्मीरजकुंकुमाद्विगंधोदकं धाक् ववृषुस्तदानीम् ॥३४॥युग्मम्

ભાવાર્થ—પ્રહ્લાદન નગરમાં શ્રી પ્રહ્લાદન રાજાના કરેલા પ્રહ્લાદન નામના વિહાર વિષે શ્રીગચ્છના અગ્રેસર એવા સૂરિઓએ જ્યારે તે વિદ્યાનંદ સૂરિને આચાર્યમંત્ર આપ્યો ત્યારે સત્પાત્રના અસંખ્ય સદ્‌ગુણોથી હૃદયમાં હર્ષોત્કર્ષ ધારણ કરતા ઉત્તમ દેવતાઓએ તત્કાળ તેમની ઉપર કપૂર, કેશર અને કુંકુમના સુગંધી જળની વૃષ્ટિ કરી હતી. ॥ ૩૩-૩૪ ॥

तत्पट्टपूर्वाद्रिदिनेशभानुर्जगत्प्रबालादनशीतभानु ।
श्रीधर्मघोषः स्फुरदब्दघोषः स नंदतात्सिद्धिगपुण्यपोषः ॥ ३५ ॥

ભાવાર્થ—તેમના પટ્ટ રૂપી ઉદયગિરિમાં સૂર્ય રૂપ, ત્રણ જગતને આનંદ આપવામાં ચંદ્ર સમાન, મેઘના જેવા ગંભીર શબ્દવાળા અને પુણ્યનું પોષણ કરનાર ધર્મઘોષ નામે સૂરિ હમેશા આનંદ પામો. ॥ ૩૫ ॥

यत्पोषितो येन यथैव साधुः पूर्वोधर साधुधुरंधरोऽसौ ।
कल्याणान् विहारांश्चतुरश्चतुर्भिः सत्त्वस्थिरात्मोत्तीर्णशासनकार्यैः ॥३६॥

એવા દેવેંદ્રસૂરિ નામે તે જગચ્ચંદ્ર ગુરૂના તેજસ્વી શિષ્ય થયા હતા. ॥ ૨૭ ॥

व्याख्याकलां यस्य कलां विलोक्य श्रीवस्तुपालादिमहेभ्यमुख्याः।
के घूर्णयंति स्म न पूर्णचित्ताः शीर्षाणि हर्षेण च विस्मयेन ॥२८॥

ભાવાર્થ—દેવેંદ્રસૂરિની વ્યાખ્યાન કરવાની મધુર કળા જોઈ શ્રી વસ્તુપાળ વગેરે કયા મોટા સભ્ય ધનાઢ્યોએ ચિત્તમાં હર્ષ લાવી અને વિસ્મયથી પૂર્ણ થઈ મસ્તકોને ધુણાવ્યાં નહોતા ? અર્થાત્ તેમની વ્યાખ્યાન કરવાની કળા એવી ઉત્તમ હતી કે, તેથી સર્વે ભક્તો—શ્રાવકો—તેમને ભાવિકપણે નમતા હતા, અને તેમની પ્રશંસા કરતા હતા. ॥ ૨૮ ॥

कर्मस्वरूपप्रथनाढ्यकर्मग्रंथादिसद्ग्रंथविधानवेधाः ।
मेधाप्रधानो जगतां मतांहा व्यभासयज्जैनमतं मतं यः ॥ २९ ॥

ભાવાર્થ—કર્મના સ્વરૂપને જણાવનાર કર્મ ગ્રંથ વગેરે ગ્રંથોને રચનારા અને બુદ્ધિમાન્ તથા પાપરહિત એવા તે સૂરિએ જગત્‌ને માન્ય એવા જૈનમતને દીપાવ્યો હતો. ॥ ૨૯ ॥

संशुद्धसाधुस्थितिदुर्गमार्गं प्ररूपयंश्चारु समाचरंश्च ।
अनल्पसंकल्पितदानकल्पद्रुमोऽभवद्यो जिनकल्पिकल्पः ॥ ३० ॥

ભાવાર્થ—મુનિઓની શુદ્ધ મર્યાદામાં દુર્ગ રૂપ એવા માર્ગની પ્રરૂપણા કરનાર, ઉત્તમ રીતે વર્તનાર અને ઘણાં સંકલ્પિત દાન આપવામાં કલ્પવૃક્ષ રૂપ એવા તે આચાર્ય જિનકલ્પીની સમાન થયા હતા. ॥ ૩૦ ॥

ख्यातो दिगंते विनते तदंतेवासी स्वदासीकृतदेवसूरिः ।
निस्सीमगंभीरिमहृद्यविद्यानंदाख्यसूरींद्र इहावभासे ॥ ३१ ॥

ભાવાર્થ—વિસ્તારવાળા દિગંતમાં વિખ્યાત, બૃહસ્પતિને પણ પોતાના દાસ કરનાર અને અપરિમિત ગાંભીર્યથી મનોહર એવા વિદ્યાનંદ નામે સૂરિ તે દેવેંદ્રસૂરિના શિષ્ય થયા હતા. ॥ ૩૧ ॥

मनोहरं नव्यलताः श्रिता या सरित्पतिं या सरितस्तता या ।
मरालबाला इव मानसं वा यं हृद्यविद्या हि तथा प्रख्याताः ॥३२॥

ભાવાર્થ—નવીન લતાઓ જેમ વૃક્ષનો આશ્રય કરે, વિસ્તીર્ણ સરિતાઓ જેમ સમુદ્રનો આશ્રય કરે અને હંસલીઓ જેમ માન સરોવરનો આશ્રય કરે તેમ મનોહર અને પ્રખ્યાત વિદ્યાઓએ તે વિદ્યાનંદ સૂરિનો આશ્રય કર્યો હતો. ॥ ૩૨ ॥

प्रह्लादनह्लादनपुरपत्तने श्रीमत्प्रह्लादनोर्वीपतिसद्विहारे ।
श्रीगच्छधुर्यैः किल यस्य पट्टश्रीसूरिमंत्रे सति दीयमाने ॥ ३३ ॥
सत्पात्रमात्रानिगसद्गुणानिप्रहृष्टहृत्संभृतरम्यलेश्या ।
कर्पूरकाश्मीरजकुंकुमादिगंधोदकं श्राक् ववृषुस्तदानीम् ॥३४॥युग्मम्

ભાવાર્થ—પ્રહ્‌લાદન નગરમાં શ્રી પ્રહ્‌લાદન રાજાના કરેલા પ્રહ્‌લાદન નામના વિહાર વિષે શ્રીગચ્છના અગ્રેસર એવા સૂરિઓએ જ્યારે તે વિદ્યાનંદ સૂરિને આચાર્યમંત્ર આપ્યો ત્યારે સત્પાત્રના અસંખ્ય સદ્‌ગુણોથી હૃદયમાં હર્ષોત્કર્ષ ધારણ કરતા ઉત્તમ દેવતાઓએ તત્કાળ તેમની ઉપર કપૂર, કેશર અને કુંકુમના સુગંધી જળની વૃષ્ટિ કરી હતી. ॥ ૩૩-૩૪ ॥

तत्पट्टपूर्वाद्रिदिनेन्द्रभानुर्जगत्प्रमोदाय नशीतभानुः ।
श्रीधर्मघोष स्फुरदम्बुघोषः स नंदतात्सिंचितपुण्यपोषः ॥ ३५ ॥

ભાવાર્થ—તેમના પટ્ટ રૂપી ઉદયગિરિમાં સૂર્ય રૂપ, ત્રણ જગતને આનંદ આપવામાં ચંદ્ર સમાન, મેઘના જેવા ગંભીર શબ્દવાળા અને પુણ્યનું પોષણ કરનાર શ્રીધર્મઘોષ નામે સૂરિ હમેશાં આનંદ પામો. ॥ ૩૫ ॥

प्रबोधितो येन नवेन साधुः पृथ्वीधर
स्तादान् विहारांश्चतुरश्चतुर्भिः ...

ભાવાર્થ—તે ધર્મઘોષસૂરિએ નીતિથી પ્રતિબોધ કરેલા અને સાધુ પુરૂષોના ધુરંધર એવા પૃથ્વીધર રાજાની પાસે મોટા કે રાશી વિહારો કરાવ્યા હતા. ॥ ૩૬ ॥

षट्पूर्वपंचाशदतुल्यहेमघटीभिरिभ्यो रचितेंद्रमालाम् ।
कंठे निजे यो विनिवेश्य यदयां मुक्तिं वशां तां हृदि मन्यते स्म ३७

ભાવાર્થ—તે સુવર્ણની છપ્પન અનુપમ ઘડીઓથી એક સુંદર ઈંદ્રમાળા બનાવી પોતાના કંઠમાં પહેરી મુક્તિ રૂપી સ્ત્રીને પોતાને વશ થયેલી માનતા હતા. ॥ ૩૭ ॥

माधुर्यधुर्या च सुधासदेश्यां यद्देशनां श्रोत्रपुटैर्निपीय ।
पृथ्वीधरांगोद्भवझंझणोऽसौ श्रीतीर्थयात्रां रचयन् पवित्रां ॥ ३८ ॥
सुवर्णदुर्वर्णमयीं किलैकामेवाद्भुतश्रेणिकरीं पताकाम् ।
ददौ सदौचित्यधरः सुतीर्थे शत्रुंजयाद्रावपि चोज्जयंते ॥३९॥युग्मं

ભાવાર્થ—અમૃત જેવી મધુરતાવાળી તે ધર્મઘોષસૂરિની દેશનાને શ્રવણપુટથી પાન કરી ઉત્તમ યોગ્યતાને ધારણ કરનારા પૃથ્વીધરના ઝંઝણ નામના રાજકુમારે તીર્થની પવિત્ર યાત્રા કરતાં શ્રી શત્રુંજય અને ઉજ્જયંત (ગિરનાર) માં સુવર્ણ અને રૂપાની એ અતિ અદ્ભુત પતાકા આપી હતી. ॥ ૩૮-૩૯ ॥

श्रीधर्मघोषो गुरुरन्यदोर्व्यां गुर्व्यां विहारं रचयन् समागात् ।
श्रीउज्जयिन्यामलकाजयिन्यामनन्यसामान्यघनप्रभावः ॥ ४० ॥

ભાવાર્થ—અસામાન્ય અને ઘણા પ્રભાવવાળા તે શ્રી ધર્મઘોષસૂરિ ગુરૂ એક વખતે વિશાળ પૃથ્વીમાં વિહાર કરતાં કરતાં અલકાપુરીને જીતનારી એવી ઉજ્જયિની નગરીમાં આવ્યા. ॥ ૪૦ ॥

गुरूत्नति लोकनतिप्रसक्तामतिप्रभूतां पुरि वीक्ष्य कश्चित् ।
योगी विपश्चित् कुपितः समागात् गुर्वाश्रमं सन्नित आत्तशिष्यैः ४१

ભાવાર્થ—તે નગરીમાં લોકોની વંદનાથી ગુરૂની ઘણી ઉન્નતિ જોઇ કોઈ વિદ્વાન્ યોગી તાપસ કોપ કરી પોતાના શિષ્યોને લઈ ગુરૂને આશ્રમે આવ્યો. ॥ ૪૧ ॥

सर्पान् सदर्पान् वदनोद्भवत्फूत्कारपातैर्भीषितांतरिक्षान् ।
ततः ससर्ज स मुमोच विद्याकृतानि सत्त्वान्यपि वैकृतानि ॥४२॥

ભાવાર્થ—તે યોગી તાપસે મુખમાંથી નીકળતા ફુંફાડાના સમૂહથી આકાશને ભરી દેતા સુન્દર ગર્વિષ્ઠ સર્પો અને પોતાની વિદ્યાથી રચેલા બીજા કેટલાએક વિકૃત બનાવો તે ગુરૂ ઉપર મુકવા માંડ્યા. ॥ ૪૨ ॥

पद्मासने स्थानमथ प्रपूर्य ध्यानप्रयोगैर्बहुलोऽप्रमादिः ।
विनेयवृंदैः सह तं बबंध स कांचनबंधं मुनिसार्वभौमः ॥ ४३ ॥

ભાવાર્થ—ગાન કરવા યોગ્ય ગુણવાળા અને વિદ્વાનોના ચક્રવર્તી એવા તે શ્રી ધર્મઘોષસૂરિવર્યે પદ્માસન વાળી ધ્યાન કરી તે યોગી તાપસને તેના શિષ્યોના વૃંદની સાથે કાંચબંધથી બાંધી લીધો. ॥૪૩॥

शिष्यैः प्रियैरेऽहं सह निष्फलैर्मा मुंच ततः सुगुरो प्रसद्य ।
कारुण्यपुण्यः श्रितसाम्यकाम्यस्त्वं वर्तसे यद् यतिनायकश्च ॥४४॥

ભાવાર્થ—(પછી તે યોગીએ વિનતિ કરી કે) હે સદ્ગુરૂ ! હું તમો શિષ્યોની સાથે મરવું પામું છું માટે આપ પ્રસન્ન થઈ મને મુક્ત કરો. કારણ કે, કરૂણાથી પવિત્ર અને સમાનપણાથી ઈચ્છવા યોગ્ય એવા તમે મુનિઓના સ્વામી છો. ॥ ૪૪ ॥

ततो मुमोच गुरुचक्रवर्ती तं योगिनं योजितपाणिपद्मम् ।
यतो मनः साम्यभृतां नितांतं कांतं कृपासांद्ररसैः प्रशस्यैः ॥४५॥

ભાવાર્થ—ત્યાર પછી ગુરૂ ચક્રવર્તીએ બે હાથ જોડી ઉભા રહેલા તે તાપસ-યોગીને બંધનથી મુક્ત કર્યો. સમતાને ધારણ કરનારા

મહાન્ પુરૂષોનું હૃદય પ્રશંસવા યોગ્ય એવા કરૂણાના મધુર રસ વડે સુન્દર-ભરેલું હોય છે. ॥ ૪૫ ॥

विद्यापुरे क्षुद्रविनिद्रविद्याविदः सदःसंस्थितचारुपट्टाः ।
श्राद्धीः प्रदुष्टा हृदि शाकिनीः श्रागस्तंभयद्यश्चतुरश्चनद्यः ॥ ४६ ॥

ભાવાર્થ—ચતુર આચાર્યે વિદ્યાપુર નગરમાં ક્ષુદ્ર એવી તાત્કાલિક વિદ્યાને જાણનારી અને સભામાં સુંદર વિજયપદને ધરનારી દુષ્ટ હૃદયવાળી શ્રાવકની ચાર શાકિનીને એકદમ સ્તંભિત કરી દીધી હતી. ॥ ૪૬ ॥

यः पूर्जनाभ्यर्थनया नयानुसारी च ताः स्तंभनतो मुमोच ।
अदर्शयद्यस्य च रत्नमेकं रत्नाकर स्वं तटसंस्थितस्य ॥ ४७ ॥

ભાવાર્થ—પછી નગરજનની પ્રાર્થનાથી નીતિમાન એવા તે આચાર્યે તે શાકિનીને પાછી સ્તંભનમાથી છોડી દીધી હતી. એક વર્ણ રત્નાકર-સમુદ્રે પોતાના કાંઠા ઉપર રહેલા આચાર્યને એક રત્ન બતાવ્યું હતું. ॥ ૪૭ ॥

विनिर्मिता येन च भव्यनव्यग्रंथा अनेके सरसार्थसार्थाः ।
प्रदीपवृन्दा इव तत्त्वमार्गमद्यापि हृद्याः किल दर्शयन्ति ॥ ४८ ॥

ભાવાર્થ—તેમણે રચેલા રસિક અર્થવાળા ભવ્ય અને નવીન ગ્રંથે પ્રકાશિત દીપકની પેઠે અદ્યાપિ તત્ત્વમાર્ગને બતાવે છે. ॥ ૪૮ ॥

गिरीशगिर्युज्ज्वलतोत्थगर्वसर्वंकषा पेशलकौशलाढ्याः ।
सदावदाता प्रवरावदाना वक्तुं न शक्याः कविभिर्यदीयाः ॥४९॥

ભાવાર્થ—કૈલાસગિરિના ઉજ્જ્વલપણાના ગર્વને તોડવામાં પટુ કુશળતાવાળા જેમનાં ઉજ્જ્વલ ચરિત્રો કવિઓથી પણ વર્ણવી શકાય તેવા નથી. ॥ ૪૯ ॥

तस्य क्षमाभृत्प्रणतस्य पट्टे सोमप्रभः सोमसमानकीर्तिः ।
सूरिर्बभौ यो भुवि सम्यगालोकं चकारास्तसमस्तशोकम् ॥५०॥

ભાવાર્થ—રાજાઓએ વંદના કરેલા તે ધર્મઘોષ સૂરિની પાટે (તેમના શિષ્ય) સોમના જેવી કીર્તિવાળા સોમપ્રભ નામે સૂરિ થયા. જેમણે પૃથ્વીમાં સજ્જન રૂપી ચકોર પક્ષીના સમૂહને શોક રહિત કર્યો હતો * ॥ ૫૦ ॥

सत्काव्यलक्षं भुवि यो निजांकं काव्यप्रभः काव्यनिबद्धरागम् ।
धनं विपश्चिज्जनरञ्जनं सद्विनिर्ममे निर्मलनिर्ममेशः ॥ ५१ ॥

ભાવાર્થ—નિર્મળ મુનિઓના સ્વામી અને કાવ્ય કરવાની બુદ્ધિવાળા જે આચાર્યે પૃથ્વીને વિષે કલંક (દોષ) રહિત પોતાના નામથી અંકિત અને વિદ્વાનોને મનોરંજક એવા ઘણા કાવ્યશાસ્ત્રો રચ્યા હતા. ॥ ૫૧ ॥

श्रीसोमकीर्तिनिकरः करणौघजेता
श्रीमत्सोमतिलकाभिधसूरिराजः ।
तारट्पूर्वसुधाधरशृंगरंगम्
विध्वस्ततामसभरोऽरचयद्गुपाल्वम् ॥ ५२ ॥

ભાવાર્થ—તે પછી ઇંદ્રીયોના સમૂહને જિતનારા અને સોમ (ચંદ્ર)ના જેવી કીર્તિવાળા શ્રી સોમતિલક નામના સુરિરાજે અંધકારના સમૂહનો નાશ કરી સુરિના પાટ રૂપી ઉદયગિરિના શિખરને કાંતિથી પ્રકાશિત કર્યું હતું.[1] ॥ ૫૨ ॥

श्रीसोममौलिसुरमौलिमलंकरोति
स्मासौ नभोङ्गणविभूषणतुल्यसोमः ।
श्रीसोमपुङ्गुगुरुस्वरसोरसवासं
स्फूर्जन्मनः सुमनसां दिगन्तरसां सः ॥ ५३ ॥

---

* સોમ-ચંદ્રની પ્રભાથી ચકોર પક્ષી આનંદ પામે છે તેમ આ સોમપ્રભ આચાર્યથી સજ્જન રૂપ ચકોર પક્ષી [illegible] થયા હતા.

[1] અર્થાત્ સોમપ્રભ આચાર્યની પ[illegible] [illegible]ચાર્યસૂરિ આવ્યા.

ભાવાર્થ—આકાશના આભૂષણ બરાબર એવો ચંદ્ર, ચંદ્રની
શંકરના મુગટને અલંકૃત કરતો હવો, અને શ્રી સોમતિલક ગુરુએ
તો પાપ રહિત એવા સુમનસ્ (દેવતાઓ અને વિદ્વાનો) ના હૃદ
ને નિવાસવાળું કર્યું હતું.* ॥ ૫૩ ॥

दीव्यद्दयाः सहृदया हृदयावदात-
विद्योदया घनतरा भुवनेऽत्रभूवन् ।
श्रीसोमसोमतिलकस्य मुनीश्वरस्य
साम्यं न केऽपि तु दधुर्विशुभ्रकीर्तेः ॥ ५४ ॥

ભાવાર્થ—જેઓના હૃદયમાં ઉજ્વલ વિદ્યાનો ઉદય થયેલો અ
જેઓ દિવ્ય દયાને ધરી રહ્યા છે એવા ઘણા સહૃદય વિદ્વાનો આ
ગતમાં થઈ ગયા છે, પણ અહીંના જેવી ઉજ્વલ કીર્તિવાળા મુનીશ્
શ્રી સોમતિલક ગુરુની બરોબરી કરી શકે એવા તો કોઈ થયા
થી. ॥ ૫૪ ॥

जयानंदः सूरिस्त्रिदशपतिसूरिर्निजधिया
विनेयस्तस्यासीन्नयविनयसौभाग्यकलितः ।
अभंगं वैराग्यं दृढतमतमस्तोमसथनं
यदीयांगे चंगे प्रणयवशतो वासमकरोत् ॥ ५५ ॥

ભાવાર્થ—પોતાની બુદ્ધિથી બૃહસ્પતિ જેવા અને નય વિનય
થા સૌભાગ્યથી યુક્ત એવા જયાનંદસૂરિ નામે તે સોમતિલકસૂરિ
શિષ્ય થયા હતા; જેમના સુંદર અંગમાં દૃઢ અંધકારને નાશ કર
અભંગ વૈરાગ્યે પ્રેમથી નિવાસ કર્યો હતો.[1] ॥ ૫૫ ॥

* અહિં વ્યતિરેકાલંકાર થાય છે ચંદ્રમાએ શંકરના મુગટને
લંકૃત કર્યો હતો અને આ સૂરિએ તો બધા દેવતાઓના પણે વિદ્વા
હૃદયમાં વાસ કરી તેને અલંકૃત કર્યું હતું.

૧ અર્થાત્ તેમનામાં વૈરાગ્ય પ્રકાશિત થઇ રહ્યું હતું.

गुरौ यस्मिन् स्मेरद्युतिदिनकरे संयमरमा-
करग्राहोत्साहमदुपगतवत्यत्र नितराम् ।
तदुद्याना देव्या जिनमतगुरोः सूरिविदिता
श्रियांशीभि प्रासादयुतिमती सद्गुणमताम् ॥ ५६ ॥

ભાવાર્થ—ભાજ્વલ્યમાન કાન્તિથી સૂર્ય જેવા તે જયાનંદ ગુરૂએ જ્યારે સંયમલક્ષ્મી રૂપી સ્ત્રીના પાણિગ્રહણનો મહોત્સવ કરવા માંડ્યો તે વખતે તેના વધુ બંધુના મોઢા ઉપર જિનમતની અધિષ્ઠાત્રી દેવીએ ચપટક મારી-એટલે તેણે સંયમલક્ષ્મીનું પાણિગ્રહણ કરવામાં સ મતિ આપી હતી. ॥ ૫૬ ॥

सुधर्मश्रीजंबूप्रभृतिमुनिमुख्यान् धीधनयुतान् ।
महोत्साहान् नित्याभ्युदयजयसत्कीर्तिकलितान् ।
परोक्षीभूतान् स्वामिनः नयति यतिराट् यः स्मृतिपथम्
शुभैश्चन्द्रोज्ज्वलगिरिशिखरिसुधीरिह गुणैः ॥ ५७ ॥

ભાવાર્થ—તે જયાનંદ ગુરૂ ચંદ્રના જેવા પ્રકાશિત અને કૈલાસપર્વતના જેવા ઉજ્વલ પોતાના ઉત્તમ ગુણોથી નિત્ય ઉદય, વિજય અને સત્કીર્તિથી યુક્ત બુદ્ધિરૂપી ધનથી મોટા, અને મહાન્ ઉત્સાહવાળા શ્રી સુધર્માસ્વામી, જંબૂસ્વામી વગેરે પરોક્ષ રહેલા મુનિઓનું સ્મરણ કરાવતા હતા.* ॥ ૫૭ ॥

सदर्पं कंदर्पं प्रथमरसभोजाः स तनरे
कृपाधि क्रोधो योधो निरहंनिरस्मारमत्सर्यसहितः ।
जयानंदश्रीमत्सुगुरुभिरपरेऽपीह रिपवो
ऽन्तरंगाः सन्तेऽपारसंग्रामर्षे हागमा विरचिरे ॥ ५८ ॥

ભાવાર્થ—તે શ્રી જયાનંદ ગુરૂએ પ્રસરતા ભુજ પરાક્રમવાળો ગર્વિષ્ટ કામદેવ, નિરહંકાર મદ તથા માત્સર્ય સહિત ક્રોધ રૂપી યોદ્ધા

* અર્થાત્ જયાનંદસૂરિમાં શ્રી સુધર્માસ્વામી … સ્વામી, વગેરે મુનિઓના જેવા ગુણો દેખાતા હતા.

અને તે શિવાય બીજા અન્તરંગ શત્રુઓને પણ તતકાળ ગર્વ રહિત કરી દીધા હતા. ॥ ૫૮ ॥

ये श्रीमद्गुरवो रवोर्जितजितप्रावृड्घनाः श्रीघनाः
श्रीमद्गौतमसंनिभा हृदि निमायुक्ताश्च युक्ता गुणैः ।
विश्वं कीर्तिजलैः समुज्ज्वलतरैः प्रक्षालयंतः स्फुर-
न्मूर्तिस्फूर्तिभृतः सृजंति सुकृतश्रीप्राज्यराज्यं क्षितौ ॥५९॥

ભાવાર્થ—પોતાના શબ્દથી વર્ષાકાળના મેઘને જીતનાર, લક્ષ્મીથી વ્યાપ્ત, હૃદયમાં કપટ રહિત ગુણોથી યુક્ત શ્રી ગૌતમ સ્વામી જેવા અને સ્ફુરણાયમાન મૂર્તિવાળાને શ્રીમાન્ જયાનંદ ગુરૂ પોતાની કીર્તિ રૂપી ઉજ્વલ જલથી બધા વિશ્વને પ્રક્ષાલન કરતા આ પૃથ્વી ઉપર પુણ્ય લક્ષ્મીથી વિશાળ એવું મહાન્ રાજ્ય કરે છે. ॥ ૫૯ ॥

इतिश्रीयुगप्रधानावतारश्रीबृहत्तपागच्छशृंगारहारभट्टारकपुरंदरपूज्यश्रीसोमसुंदरसूरिसौभाग्यवर्णने सोमसौभाग्यनाम्नि काव्ये श्रीतपागच्छपूर्वाचार्यसंततिप्रकटनो नाम तृतीयः सर्गः ॥ ३ ॥

॥ इति तृतीयः सर्गः ॥

॥ चतुर्थः सर्गः ॥

श्रीमान् जयानंदगुरुर्बुधमनः प्रबोधयन् दुःप्रतिबोधमानवान् ।
इत्थं च पृथ्वीं चरणैः पवित्रयन् प्रह्लादनाथं पुरमाजगाम सः ॥१॥

ભાવાર્થ—મોટી કાન્તિવાળા તે શ્રીમાન્ જયાનંદ ગુરૂ દુઃખે પ્રતિબોધવા યોગ્ય એવા મનુષ્યોને પ્રતિબોધ પમાડતા અને પોતાના

ચરણથી વિશાળ પૃથ્વીને પવિત્ર કરતા કરતા તે પ્રલ્હાદન નગરમાં આવી ચડ્યા. ॥ ૧ ॥

निशम्य गुर्वागमनं मनो वहन् प्रोत्सर्पिहर्षप्रकरैः करंबितम् ।
मृगीदृशां संमुखमिंदुसन्मुखः पुरीजनः सज्जनमंत्रिमुख्यकः ॥ २ ॥
जगाम वाजिक्षुरैः प्रताडयन् क्षमां च निःस्वानमयीं रथस्वनैः ।
ध्वजोत्कराभिः कदलीमयीं लसच्छत्रैः पर्वेन्दुमयीमिवाभितः ॥३॥
युग्मम् ॥

ભાવાર્થ—તે જયાનંદ ગુરૂનું આગમન સાંભળી સજ્જન મંત્રી આદિ સર્વ નગરજન, ચંદ્રના જેવા મુખવાળા અને હર્ષના ઉત્કર્ષથી યુક્ત એવું હૃદય વહન કરતા ગુરૂની સન્મુખ ચાલી નીકળ્યો. અશ્વોની ખરીઓથી પૃથ્વીને તાડન કરતા તે નગરજન રથના શબ્દોથી જાણે પૃથ્વીને નિશાનમય કરતા હોય, છડીઓથી જાણે કદલીવૃક્ષમય કરતા હોય અને છત્રોથી જાણે પૂર્ણ ચંદ્રમય કરતા હોય તેમ તે દેખાતા હતા. ॥ ૨-૩ ॥

प्रणम्य सम्यग्विधिनाधिनाशनं गुरूत्तमं श्रीयुगमुत्तमं गुणैः ।
संघः स शालां सुकृतस्य मुद्भरः प्रवेशयामास नवैर्महोत्सवैः ॥४॥

ભાવાર્થ—ગુણોથી શ્રીયુગ પ્રધાન રૂપ અને માનસીક પીડાને નાશ કરનાર તે ઉત્તમ ગુરૂને સમ્યક્ વિધિથી પ્રણામ કરી હર્ષ પામેલા સર્વ સંઘે સુકૃતની [1]શાળા રૂપ તે ગુરૂને ઘણા પ્રકારના મહોત્સવથી નગરમાં પ્રવેશ કરાવ્યો. ॥ ૪ ॥

अथान्यदा दानगुणेन विश्रुतः धुर्यं जिनेशस्य पदाब्जषट्पदः ।
शुश्रूषुरात्मीयसुतेन संयुतः स सज्जनः श्रीगुरुपार्श्वमाययौ ॥ ५ ॥

ભાવાર્થ—તે પછી એક વખતે દાન ગુણથી પ્રખ્યા   ઘણી પ્ર

[1] અર્થાત્ જેનામાં ઘણું સુકૃતો રહ્યાં હતા

શંકા કરવા યોગ્ય હૃદયવાળો સજ્જન મંત્રી શ્રી ગાંઙ્ગેય ધર્મ સાંભળવાની ઇચ્છાથી પોતાના પુત્ર આમકુમારની સાથે ગુરુની પાસે આવ્યો. ॥ ૫ ॥

निरीक्ष्य धर्माभिमुखं स्फुरन्मुखं महेभ्यमंत्रिं गुणसज्जनामकं ।
सुधासदेश्यां वरधर्मदेशनां गुरुश्चकारेत्यघसंचनाशिनीम् ॥ ६ ॥

ભાવાર્થ—સ્ફુરણાયમાન મુખવાળા અને મહાન્ ગુણવાળા સુજ્ઞરૂપ તે ગુણવાન સજ્જન મંત્રીને ધર્મ શ્રવણમાં તત્પર થયેલ જોઈ ગુરૂ જયાનંદ સૂરિએ પાપના સમૂહને નાશ કરનારી અમૃત સમાન ધર્મદેશના નીચે પ્રમાણે આપવા માંડી. ॥ ૬ ॥

निदर्शनैस्तैर्दशभिः सुदुर्लभं नृजन्म यच्चर्वति तनूमतां भवन् ।
तथापि सत्क्षेत्रसुजातिशुद्धिभृत् कुलादिकं चात्यतिदुर्लभं भवेत् ॥ ७ ॥

ભાવાર્થ—દશ દૃષ્ટાંતોથી પ્રાણીઓને પ્રથમ મનુષ્ય જન્મ થવો દુર્લભ છે, અને તેમાં પણ સારૂં ક્ષેત્ર તથા સારી જાતિની શુદ્ધિને ધારણ કરનાર કુલાદિક એ બન્ને પ્રાપ્ત થવું એતો અત્યંત દુર્લભ છે.[૧] ॥ ૭ ॥

तत्प्राप्य दुःप्रापमपि प्रमादभृज्जनः सपापः सुकृतं तनोति नो ।
स लब्धमप्यब्धिजले प्रपातयत्यहो महोनिस्तरणिं सुसन्मणिम् ॥ ८ ॥

ભાવાર્થ—તેવા દુઃપ્રાપ્ય મનુષ્યજન્મને પ્રાપ્ત કરીને પણ જે પાપી પ્રાણી પ્રમાદને ધારણ કરી સુકૃતને વિસ્તારતો નથી, તે તેજમાં સૂર્ય જેવો ચિંતામણિ પ્રાપ્ત થયો તો પણ તેને પાછો સમુદ્રના જળમાં પાડી નાખે છે. અહો એ કેવું આશ્ચર્ય ! ॥ ૮ ॥

૧ અર્થાત્ પ્રથમ મનુષ્યજન્મ દુર્લભ, તે પછી ઉત્તમ ક્ષેત્ર, જાતિ અને કુળ મળવું દુર્લભ છે.

रिपुः प्रमादः पितृघातनोद्यतो विषं प्रमादश्च भवेत् हलाहलम् ।
अनिष्टमुत्कृष्टमरिष्टमत्र नो प्रमादतुल्यं परिवर्ति विष्टपे ॥ ९ ॥

ભાવાર્થ—પ્રમાદ એ પિતાનો ઘાત કરવા ઉદ્યત થએલો શત્રુ છે, પ્રમાદ એ હળાહળ વિષ છે. આ જગતમાં પ્રમાદના જેવું બીજું અનિષ્ટ અને ઉત્કૃષ્ટ ૧અરિષ્ટ કોઇ નથી. ॥ ૯ ॥

प्रमादशत्रुं स्फुरदुद्यमायुधै कृती निराकृत्य महोल्बणं रणे ।
अधर्मकर्मद्रुमखंडखंडनं परश्वधं धर्ममसौ च सेवते ॥ १० ॥

ભાવાર્થ—કુશળ પુરૂષ ઉદ્યમ રૂપ સ્ફુરિત આયુધોથી રણને વિષે ઉગ્ર એવા પ્રમાદ રૂપી શત્રુને નિરાકરણ કરી અધર્મ કર્મ રૂપી વૃક્ષોને ખંડન કરનાર ધર્મ રૂપી કુવાડાને સેવે છે. ॥ ૧૦ ॥

धर्मोऽस्त्यसौ बंधुरबंधुतातुरां पिता च माता च भवे भवेदयम् ।
चिंतामणिः सद्घृणिरेष चोत्तमः कल्पद्रुमः कल्पितवस्तुदानतः ॥११॥

ભાવાર્થ—ધર્મ બંધુ રહિત પુરૂષોનો બંધુ છે. સંસારમાં માતા અને પિતા સમાન છે, ઇષ્ટ કિરણવાળો ચિંતામણી છે અને કલ્પિત વસ્તુના દાન આપવાથી તે ઉત્તમ કલ્પવૃક્ષ રૂપ છે. ॥ ૧૧ ॥

सुश्राद्धसत्साधुवृषद्विभेदभागसौ ससौरभ्ययशोभृतार्हता ॥
प्ररूपितो रूपजुषा हतांतरद्विषा गुणव्रातपुषा तमोमुषा ॥ १२ ॥

ભાવાર્થ—સુગંધી રૂપ યશને ધારણ કરનારા, અંતર શત્રુઓને હણનારા, ગુણોના સમૂહને પોષણ કરનારા અને અંધકારને ટાળનારા શ્રી અર્હંત પ્રભુએ તે ધર્મને શ્રાવક ધર્મ અને સાધુધર્મ એવા બે ભેદથી પ્રરૂપણ કરેલો છે. ॥ ૧૨ ॥

श्रीशासको धर्म उपासकांगिनां मुक्तिप्रदानप्रतिभूः क्रमाद् भवेत् ॥
यतेस्तु धर्मः शिवशर्मसंततिं प्रतस्पृशां नूनमिहैव यच्छति ॥१३॥

૧ અરિષ્ટ—અનિષ્ટ—ખરાબ.

ભાવાર્થ—ઉપાસક શ્રાવક લોકોનો ઉપાસક ધર્મ અનુક્રમે મુક્તિ આપવામાં જામીન થાય છે, પરંતુ સાધુઓનો ધર્મ તો આ લોક વ્રતધારીઓને અવશ્ય મુક્તિસુખની પરંપરા આપે છે. ॥ ૧૩ ॥

श्रेयस्करी सा किल पारमेश्वरी सर्वेऽत्र दीक्षा सुरपादपेव ।
वितरति चित्तामितकामितानि ताः प्रयच्छति मोक्षसंपदोऽपि वा।

ભાવાર્થ—આ સંસારમાં કલ્યાણકારી [1]પારમેશ્વરી દીક્ષા કલ્પલતાની પેરે મનની અપરિમિત કામનાઓને અને તે મોક્ષ સંપત્તિને આપે છે. ॥ ૧૪ ॥

स्वर्धेनुवत् चित्रकवल्लिवत्सा भाग्यहीनैः पुरुषैर्न चाप्यते ।
तद् भो त्रिलोकीविदिते जिनोदिते श्रीधर्मयुग्मे प्रयतध्वमाप्तये।

ભાવાર્થ—તે ભાગવતી દીક્ષા કામધેનુ અને ચિત્રકવેલની પેઠે ભાગ્ય રહિત પુરૂષોથી મેળવી શકાતી નથી, તેથી હે ભવ્ય પ્રાણી ત્રણ લોકમાં પ્રખ્યાત એવા તે પરમેશ્વર ભાષિત [2]બંને ઈષ્ટ ધર્મ મેળવવા માટે પ્રયત્ન કરો. ॥ ૧૫ ॥

निशम्य सम्यक् सुगिरो गुरूदिता अपूरि वैराग्यरसेन मानसम्।
कुमारसोमस्य रयेण यद् बुधोऽप्यल्पोपदेशेन भवेत् प्रबोधभाक्।

ભાવાર્થ—આ પ્રમાણે ગુરૂની ઉત્તમ ગિરા સાંભળી સોમકુમારનું હૃદય તત્કાલ વૈરાગ્યરસથી પૂર્ણ થઈ ગયું, કારણ કે પ્રાજ્ઞ પુરૂષનું અંતઃકરણ સૂક્ષ્મથી પણ પ્રબોધ પામે છે. ॥ ૧૬ ॥

श्रीमान् जयानंदमुनीश्वरोऽम्बुरुड्विकस्वरां दृष्टिमथाक्षिपन् मुदा।
वपुःश्रिया निर्जितमारविग्रहे सोमे कुमारे परिमुक्तविग्रहे ॥ १७॥

ભાવાર્થ—શ્રીમાન્ જયાનંદ મુનીશ્વરે શરીરની શોભાથી કામદે

1 પરમેશ્વર-જિન ભગવંત સંબંધી.

2 શ્રાવકધર્મ અને સાધુધર્મ.

ના શરીરને છેતનાર અને કલહને છોડનાર એવા સોમકુમાર ઉપર
ર્ષથી કમળ જેવી ¹વિકસ્વર દૃષ્ટિ નાખી. ॥ ૧૭ ॥

त्यचिंतयच्चेतसि धेति विस्मयैर्हर्षप्रकर्षैः परिपूरितो गुरुः ।
अस्यांगसंगिन्यहह प्रदृश्यते विश्वोत्तरा सद्गुणलक्षणावलिः ॥ १८ ॥

ભાવાર્થ—વિસ્મય અને હર્ષના ઉત્કર્ષથી પૂર્ણ થયેલા ગુરૂ ચિ-
ત્તમાં ચિંતવન કરવા લાગ્યા કે, અહા! આ કુમારના અંગ ઉપર
લોકોત્તર એવી સદ્ગુણ લક્ષણોની ²શ્રેણી જણાય છે. ॥ ૧૮ ॥

उष्णीषवन्मौलितलं गलः पालस्थिरेखशंखसुंदररेखयांकितः ।
भालं विशालं हिमभानुबिंबवद् भालंकृतं चाननमिंदुसोदरम् ॥१९॥

ભાવાર્થ—આ કુમારના મસ્તકનો ભાગ મુગટબંધ જેવો છે કંઠ
ધુર અને શંખની પેઠે સુંદર રેખાથી અંકિત છે. લલાટ ચંદ્રના બિં-
બની પેઠે વિશાળ છે, અને મુખ ચંદ્રના જેવું કાંતિથી અલંકૃત છે. ૧૯

विकस्वरांभोजदलावलोचने विलोचने व्याकरे विराजतः ।
गल्लौ प्रफुल्लौ च सदर्पदर्पणाकरस्यर्द्धिप्रदानपाटवोज्ज्वलौ ॥ २० ॥

ભાવાર્થ—બંને લોચન વિકસ્વર થયેલા કમળના ગર્વને કાપતાં
સુંદર શોભે છે. પ્રફુલ્લિત રહેલા બંને ગાલ ગર્વ કરતા દર્પણને
³અલક્ષ્મી આપવાની કુશલતાથી ઉજ્વલ લાગે છે. ॥ ૨૦ ॥

हारावलिः शोभितसितैर्दंतैः सुधामयूखद्युतिवद्विराजते ।
रक्तच्छदौ रक्ततिमस्फुरन्मदौ बालप्रवालश्रियमप हरतः ॥ २१ ॥

ભાવાર્થ—સુંદર હારવાળી સુશોભિત એવી દંતપંક્તિ ચંદ્રની કાં-
તિની પેઠે શોભે છે. રતાશપણાના ગર્વથી સ્ફુરાયમાન એવા બંને
⁴અધર બાંધ કુંપળીઓની શોભાને હરી લેછે. ॥ ૨૧ ॥

૧ વિકાસ પામેલી ૨ સારાં સામુદ્રિક શારીરિક લક્ષણો.
૩ અલક્ષ્મી એટલે શોભા નહીં તે આપવા રૂપ. ૪ હોઠ

अंसौ कटुमत्कुकुदुमतौ ननौ यद्वतीतं बाहुयुगं सुवाव्रतं ।
अक्षामवक्षः पुरगोपुरस्फुरत्कपाटदैर्घ्यस्फुटपाटवोत्कटं ॥ २२ ॥

ભાવાર્થ—બળદની કાંઢના જેવા તેના ખભા છે, ધોંસરીના જેવા દીર્ધ બે બાહુ છે અને વિશાલ વક્ષસ્થલ નગરના દરવાજાના કમાડની દીર્ધતાના પાટવ [1]જેવા ઉત્કટ છે. ॥ ૨૨ ॥

यशस्करे चास्य करे वरेण्यरुक् याम्न्यूर्ध्वरेखातिममाप्यखंडिता।
सहस्रकुक्षिंभरिला विराजिता जनप्रतिष्ठोच्चपदप्रदा हि सा ॥२३॥

ભાવાર્થ—તેના યશસ્વી હસ્તમાં ઉત્તમ કાંતિવાળી અને અનંત સરખી એવી અખંડિત ઉર્ધ્વરેખા છે, જે રેખા હજારોના ઉદરને ભરણપોષણ કરનારી અને લોકોમાં પ્રતિષ્ઠા અને ઉંચી પદવીને આપનારી છે. [2]॥ ૨૩ ॥

यथावलीनां मणिबंधजन्मनां त्रिकं नृपत्वप्रकटप्रकाशकम् ।
श्रीपूर्णकुंभः शुभलक्ष्मिलक्षदश्छत्रं पवित्रं त्रिजगत्प्रभुत्वकृत् ॥२४॥

ભાવાર્થ—તેના હાથમાં મણિબંધની ત્રણ રેખાઓ છે તે રાજાપણાને પ્રકાશ કરે છે. લાખો ગણી કલ્યાણ લક્ષ્મીને આપનાર શ્રીપૂર્ણ કુંભનું ચિન્હ છે, અને ત્રણ જગતના પ્રભુપણાને કરનાર છત્રનું પણ પવિત્ર ચિન્હ છે. ॥ ૨૪ ॥

चक्रं द्विपच्चक्रविनाशिविक्रमं वज्रं कृतैश्वर्यरमासमर्पणम् ।
पीनं च मीनाद्वितयं महोल्लसत्सौभाग्यभाग्यर्द्धिसमूहसूचकम् ॥२५॥

ભાવાર્થ—શત્રુઓના સમૂહને વિનાશ કરે તેવા પરાક્રમને સૂચવનાર ચક્રનું લક્ષણ છે, આ ઐશ્વર્ય લક્ષ્મીને અર્પણ કરનાર વજરેખા

---

૧ અર્થાત્ દરવાજાના કમાડ જેવા વિશાળ છે.

૨ અર્થાત્ ઉર્ધ્વ રેખાવાળો પુરૂષ હજારોનું ભરણપોષણ કરે છે તથા લોકોમાં પ્રતિષ્ઠા અને ઉચી પદવી મેળવે છે.

છે, આ પણ એવું મત્સ્યનું ચુગલ મોટી ઉલ્લાસ પામતી સૌભાગ્યની સમૃદ્ધિને સૂચવે છે. ॥ ૨૫ ॥

श्रीस्वस्तिकः स्वस्तिकरः करोत्थले पद्मं च पद्मां सुभगांगसंगिनीम् ।
अंगुष्ठमूलस्थयवा ददत्यमी ख्याति विभूति च सदं सुविद्यया २६॥

ભાવાર્થ—આ સ્વસ્તિક (સાથીઆ)નું ચિહ્ન સ્વસ્તિ (કલ્યાણ)ને કરનારૂં છે. આ પદ્મની રેખા અંગશોભા અને સૌભાગ્ય લક્ષ્મીને આપે છે, અંગુઠાના મૂળમાં રહેલા આ યવ (જવરેખા) વિખ્યાતિ, વિભૂતિ અને સદ્વિદ્યાને આપે છે. ॥ ૨૬ ॥

करस्थरेखानिकरैः स्फुरद्वरैः मूर्त्तिभितस्फुरितैर्भृशं लक्षणैः ।
अयं शिशुर्नूनमसौ गुणोत्कर्षो गरिष्ठो भविता भुवस्तले ॥२७॥

ભાવાર્થ—મૂર્ત્તિ ઉપર સ્ફુરણાયમાન એવા લક્ષણોથી અને કલ્યાણને કરનારી એવી હસ્તરેખાઓના સમૂહથી આ બાળક યુવાનવયમાં ગુણોથી ઉત્કૃષ્ટ અને પૃથ્વીમાં મોટો થશે. ॥ ૨૭ ॥

चेदाप्स्यति दीक्षामयमद्भुतोदयो दयोज्ज्वलः प्रोज्ज्वलरंगमालया ।
ध्रुवं भवेत्सूरिवरो धरोत्तमस्तमस्ततिध्वंसनकृद् गभस्तिमान् ॥२८॥

ભાવાર્થ—જો આ બાળક દીક્ષા ગ્રહણ કરે તો અદ્ભુત ઉદયવાળો દયાથી ઉજ્વલ અને અંગની કાન્તિથી પ્રજ્વલિત પૃથ્વીમાં ઉત્તમ અને અંધકારના સમૂહને નાશ કરનાર સૂર્ય સમાન મોટા આચાર્ય થાય.[1] ॥ ૨૮ ॥

सतोऽस्मदीया बुद्धिगुरुर्गुरुर्गुणी धीसद्मनं सोमसुतं गुणाद्भुतं ।
प्रदेहि नो देहिमहोदयं यतः स्वर्गोदयं सूरिपदस्य योग्यताम् ॥२९॥

[1] સૂર્યનો ઉદય જેમ અંધકારનો નાશ કરે તેમ તે આચાર્ય પૃથ્વીમાં અજ્ઞાન રૂપ અંધકારનો નાશ કરનાર થાય.

ભાવાર્થ—[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]

ભાવાર્થ—તેઓ એક [illegible]
[illegible] કરનારી દીક્ષા [illegible] છે, તે [illegible]
થાય છે અને તે શાંતિ નિર્મળ અને પ્રકાશિત થાય છે. ॥ ૩૦ ॥

[illegible]
[illegible]

ભાવાર્થ—પ્રધાન મંત્રીએ હિમત લાવી કહ્યું કે, હે સ્વામી! તે
પ્રતિપાદન કર્યું તે સારૂં છે; પણ મારી સ્ત્રીને પુછી મનમાં વિચાર
પછી હું તમારૂં ઇચ્છેલું હિત કરીશ. ॥ ૩૧ ॥

इतीदं पर्योक्तिमिमां [illegible]नः [illegible]गृहे [illegible]।
[illegible] च तेन स्वसुतेन निर्ममं समोजनं मद्रसरूनयोजनं ॥ ३२ ॥

ભાવાર્થ—આ પ્રમાણે ઉત્તમ વચન કહીને સુશોભિત સજ્જન
પોતાને ઘેર આવ્યો, અને પોતાના પુત્રની સાથે રસવાળું-સ્વાદી
ભોજન જમ્યો. ॥ ૩૨ ॥

[illegible] [illegible] प्रोवाच [illegible]विनय नयं वहन्।
[illegible] दुरित[illegible]गृह्णामि चेद् योऽनुमतिं [illegible]॥

ભાવાર્થ—ભોજન થઇ રહ્યા પછી તેજસ્વી વિનય અને નીતિને
ધારણ કરતા એવા સોમકુમારે પોતાના માતા પિતાને કહ્યું કે, જો તમારી
સંમતિ હોય તો હું મુક્તિપદને આપનારી દીક્ષા ગ્રહણ કરૂં. ॥ ૩૩ ॥

[illegible]पदादिकं न वस्तु किंचित् किल नित्यमीक्ष्यते।
[illegible]ऽक्षयमो[illegible]ऽर्हदमं [illegible] उत्तमैः ३४

ભાવાર્થ—આ જગતમાં આયુષ્ય, યૌવન અને સંપત્તિ વગેરે કોઈ વસ્તુ નિત્ય જોવામાં આવતી નથી તેથી ઉત્તમ પુરૂષોએ નિત્ય અને અક્ષય સુખને આપનાર એવા આર્હત ધર્મનોજ આશ્રય કરવો જોઈએ. ॥ ૩૪ ॥

उरहरतां विभ्यगरिष्टतां च तां श्रामण्यमार्गे किल सोमयोगि नः।
तन्मे प्रसद्याद्य मुनीशसंनेर्धौ दीक्षां मुदा दापय च स्पृहावतः ॥३५॥

ભાવાર્થ-તે આર્હત ધર્મ મુનિપણુ ના માર્ગમાં ઉત્કૃષ્ટપણાને અને સર્વથી વરિષ્ટપણાને ધારણ કરે છે, તેથી આજે પ્રસન્ન થઈ તેની સ્પૃહા કરતા એવા મને તે સૂરિવર્ય ની પાસે હર્ષથી દીક્ષા અપાવો. ॥૩૫॥

शशोकतप्तो जनुरी सुतातुरा स्वकीयपुत्रं निजगौ पराक्रमम्।
दीक्षाग्रहीतेः समयो न तेऽधुना पुनाति गात्रं हि पवित्रदीक्षणम् ॥३६॥

ભાવાર્થ—શોકથી પીડિત એવા માતા પિતાએ પોતાના પરાક્રમી પુત્રને કહ્યુ, વત્સ ! દીક્ષા ગ્રહણ કરવાનો તારો આ સમય નથી. ક્ષણુ પવિત્ર ચારિત્રય તારા ગાત્રને પવિત્ર કરે છે. [1] ॥ ૩૬ ॥

श्रामण्यभारः कथमुह्यते त्वया विमुह्यते यत्र महत्तरैर्नरैः।
मदोत्कटैर्योऽद्भुतसाहसप्रधानसत्तर्गकैः पुत्र कथं हि वाह्यते ॥३७॥

ભાવાર્થ—હે પુત્ર ! જેમા મોટા મોટા પુરૂષો મુંઝાઈ જાય છે તેવો મુનિવ્રતનો ભાર તારાથી કેમ વહન થશે ? જે [1] ઉત્કટ મોહ બળદોથી પણ વહન કરવાને અશક્ય છે, તે નાના વાછરડાઓથી કેમ ચલાવી શકાય ? ॥ ૩૭ ॥

यः खड्गधारोपरि चंक्रमीत्यथो यो दुस्तरं वा तरतीह वारिधिम्।
यो वा हुताशेष्वनुपर्वपर्वतं वह्न्यां समारोहति दुष्करस्पृशं ॥३८॥
सर्पाधिपं विद्यति यो मुखं ज्वालावलीयो ज्वलनावं वा पिबेत्।
मनुष्यपुत्रे पुत्र सोऽपि संयमं धर्तुं हि मार्दवादिभिः ॥ ॥

---

१ અર્થાત્ નું ક્ષણુ ચારિત્ર્યનો ૨ ઘણા

ભાવાર્થ—હે અલ્પ બુદ્ધિવાળા પુત્ર! જે પુરૂષ ખડ્ગની ધાર ઉપર ચાલે, જે દુસ્તર સમુદ્રને તરી જાય, જે આકાશ સુધી ઉંચા એવા મેરૂપર્વત ઉપર બે પગે ચઢીને જે [1]રાધા નામની પુતળીના નેત્રને વેધ કરે, અને જે અગ્નિની જ્વાળાઓને પી જાય, તે પુરૂષ સંયમને ધારણ કરવાને યોગ્ય છે—કરવાનું સાહસ કરે છે. ॥ ૩૯ ॥

अथाभ्यधात्सोमसुतः स्मितास्मितः सद्धैर्यभाजः किमु दुष्करं भवेत्।
क्लीबांगिनामेव भयास्तचेतसां भवेन्महत्कार्यकृतौ विमर्शधीः ॥४०॥

ભાવાર્થ—સોમકુમારે હસતાં હસતાં કહ્યું, પૂજ્ય માતા પિતા! ધૈર્યવાળા પુરૂષને શું દુષ્કર છે? મનમાં ભય રાખનારા નપુંસક પુરૂષોનેજ મહત્ કાર્ય કરવામાં વિચાર કરવાની બુદ્ધિ હોય છે.[2] ॥ ૪૦ ॥

लसन्नमेरुद्रुमि मेरुपर्वतस्तावन्न तुंगः सुरकोटिभासुरः ।
भयंकरः क्षोभकराकरः स्फुरत्यसौ च तावत्किल दुस्तरत्वभृत् ॥४१॥
कार्यं सृजद्भिर्विषमं महत्तमं यावन्न धीरैः क्रियते महोद्यमः ।
तन्मांतरायं कुरुतं युवामहं दीक्षां ग्रहीष्येऽभिगृहीतनिश्चयः ॥४२॥
॥ युग्मम् ॥

ભાવાર્થ—અતિશય મોટા અને વિષમ એવા કાર્યને ઉત્પન્ન કરનાર ધીર પુરૂષો જ્યાં સુધી મહાન્ ઉદ્યોગ કરે નહીં ત્યાં સુધીજ નમેરૂના વૃક્ષોથી સુશોભિત અને કોટી દેવતાઓથી પ્રકાશમાન એવો મેરૂ પર્વત ઉંચો છે, અને ત્યાં સુધીજ મોટા મધરોની ખાણુ રૂપ ભયંકર સમુદ્ર દુસ્તરપણાને ધારણ કરી સ્ફુરી રહ્યા છે. ॥ ૪૧–૪૨ ॥

૧ રાધાવેધનો પ્રયોગ અર્જુને દ્રૌપદી સ્વયંવરમાં કર્યો હતો. ૨ અર્થાત્ નપુંસકો મહત્ કાર્ય કરવામાં વિચાર કરતા બેસી રહે છે.

૩ અર્થાત્ જો તેઓ ઉદ્યોગ કરવો ધારે તો તેઓ મેરૂગિરિને અને મહાન્ સમુદ્રને પણ બીનકુપ ગણતા નથી.

गृहस्थतायां विरतं रतं शमे विज्ञाय पुत्रं पितृमातृशामलर् ।
ततो जयानंदगुरोः पुरो ददौ दीक्षाप्रदानानुमतिं सुतस्य तर् ४३

ભાવાર્થ—અને માતા પિતાએ પુત્રને ગૃહસ્થપણામાં વિરક્ત અને શમતામાં રક્ત જાણી જયાનંદ ગુરૂની પાસે તેને દીક્ષા લેવાની સંમતિ આપી. ॥ ૪૩ ॥

अथो गुरुर्ज्योतिषिकाग्रणीर्गुणी प्रासादतस्यामदृगस्य सद्गुरुं ।
लग्नं प्रदीप्रं प्रगुणैर्गुणैस्ततैर्युक्तं च दोषैर्दिनशुद्धिसंयुतम् ॥ ४४ ॥

ભાવાર્થ—જ્યોતિષવેત્તાઓમાં અગ્રણી એવા સદ્ગુણી ગુરૂએ તેને દીક્ષા લેવાને માટે ઉત્તમ ગુણોથી પ્રકાશિત, દોષથી મુક્ત અને દિનશુદ્ધિથી ઉત્તમ એવું લગ્નમૂહુર્ત્ત જોઈ આપ્યું. ॥ ૪૪ ॥

धीसज्जनो मज्जनमण्डपांतरे निवेश्य हाटके काञ्चनासने सुतन् ।
स स्नापयामास जलैर्महोज्ज्वलैः कर्पूरसत्कुंकुमवासवासितैः ॥४५॥

ભાવાર્થ—પછી સજ્જન મંત્રીએ પુત્રને સ્નાનમંડપમાં લઈ જઈ સુવર્ણના પીઠ સિંહાસન ઉપર બેસારી કપૂર તથા કેસરથી સુવાસિત એવા સ્વચ્છ જળથી સ્નાન કરાવ્યું. ॥ ૪૫ ॥

क्षीरोदकादीनि महार्घ्यदिव्यदिव्याम्बराणि प्रवराणि भासुरे ।
त्रिलोकलोकाप्रतिरूपरूपभृत्सप्रसंघाद्भूर्यधियां महोदधि ॥ ४६ ॥

ભાવાર્થ—ઉત્તમ બુદ્ધિઓના સાગર અને ત્રણલોકમાં અપ્રતિમ રૂપને ધારણ કરનાર તે સોમકુમારે તેજથી પ્રકાશિત, અમૂલ્ય અને મનોહર દિવ્ય વસ્ત્રો પરિધાન કર્યાં. ॥ ૪૬ ॥

सुपर्णचंपकमुकुटेन भूषितोत्तमांगभागः कुसुमालिमालिना ।
अमानरत्नोज्ज्वलकांतिमंडलोल्लासि कुंडलार [illegible] ४७ ॥

ભાવાર્થ—પુષ્પ મોગરીની શોભિત [illegible] ॥ એવા
મસ્તકને બંધન કર્યું, તેમજ ન [illegible] પ્રકાશ

કુંડલોથી બંને કર્ણને શણગાર્યાં. ॥ ૪૭ ॥

हारार्द्धहारैः सुषमामनोहरैः संशोभितोरस्थल उज्वलद्युतिः ।
प्रोद्दीप्रयाद्वंगदबाहुरक्षकै रत्नोर्मिकाबर्मितमंजुलांगुलिः ॥ ४८ ॥

ભાવાર્થ—શોભાથી મનોહર એવા હાર તથા અર્ધહારોથી ઉર સ્થલ શોભવા લાગ્યું, અને તેથી બધા શરીરમાં ઉજ્વળ કાંતિ પ્રસ રી રહી. સુંદર બાજુબંધથી બાહુ દીપવા લાગ્યા અને રત્નજડિત મુદ્રિકાથી સુંદર આંગળીઓ શોભાયમાન થઈ. ॥ ૪૮ ॥

समग्रदेहावयवेष्वनूपरैर्विभूषणैः प्राप्तगुणैर्विभूषितः ।
सोमः कुमारः शुशुभे सुरद्रुमः किं जंगमः सद्धृदयंगमः क्षितौ ॥४९॥

ભાવાર્થ—સર્વ શરીરના અવયવોમાં ગુણને પ્રાપ્ત થયેલા નિર્મલ આભૂષણોથી સુશોભિત એવા સોમકુમાર જાણે પૃથ્વી ઉપર સજ્જ નોને પ્રિય એવા જંગમ કલ્પવૃક્ષ હોય તેમ શોભવા લાગ્યો. ॥૪૯॥

अथोत्तमलक्षणराजिराजितं सदाजिनं दुर्धरमारुरोह सः ।
उच्चैःश्रवःसंश्रितमूर्तिभासुरः सुरप्रभुः किं समवातरद्धराम् ॥५०॥

ભાવાર્થ—પછી સોમકુમાર સારા લક્ષણોની શ્રેણીથી સુશોભિત એવા [1]દુર્ધર અશ્વ ઉપર આરૂઢ થયા. ઉચ્ચૈઃશ્રવા ઉપર જેની મૂર્તિ આરૂઢ થયેલી છે એવો પ્રકાશમાન ઈંદ્ર જાણે પૃથ્વીમાં આવ્યો હોય તેમ તે દેખાવા લાગ્યા. ॥ ૫૦ ॥

[illegible] ये गर्जति [illegible] ।
[illegible] ॥ ५१ ॥
[illegible] ।
[illegible] ॥५२॥
[illegible] ।
[illegible] ॥५३॥

[1] [illegible]

उत्तीर्य धर्यांद्रिलसद्गपात् हयात् स सज्जनानंदनसज्जनांगजः ।
श्रीधर्मशालां विपुलां समागमत् वैराग्यरंगैः परिपूरितात्मवान् ॥५४॥

ભાવાર્થ—જેનું સુખકારી શ્રવણ છે અને જે પ્રતિધ્વનિથી પર્વતોને વિદારણ કરે તેવા ઉગ્ર ભેરી વગેરે વાજીંત્રોના શબ્દોથી આકાશ ગાજી રહ્યું, ચંદ્ર જેવા મુખવાળી કુલીન અંગનાઓ ધવળમંગળ ગાવા લાગી. સુશોભિત મુખવાળા ભાટ ચારણોના વૃંદ જયમંગળના શબ્દો ઉચ્ચારી રહ્યા, મોટા કવીશ્વરોના સમૂહે માન્ય કરેલા રસિક શ્રવ્ય કાવ્યોના પાઠ ચાલી રહ્યા. ઉત્તમ વ્યાપારીઓ સુખ સંપત્તિના કારણે ઘણા દાન આપવા લાગ્યા, પોતાની ઈચ્છા પ્રમાણે આવેલા ઈનામોથી સંતુષ્ટ થયેલી વારાંગનાઓના ટોળા નૃત્ય કરવા લાગ્યાં. આ સમયે સજ્જનોને આનંદ આપનાર સજ્જન શેઠનો કુમાર વેગવાળા અશ્વ ઉપરથી ઉતરી વૈરાગ્ય રંગવડે હૃદયમાં પૂર્ણ થતો એક વિશાળ ધર્મશાળામાં આવ્યો. ૫૧-૫૨-૫૩-૫૪

गुरुप्रणम्य प्रथितकृत्यरतम् व्याजहारपरिष्ठुगुरुं गरिष्ठगीः ।
प्रसद्य स्वामो मम निर्ममप्रभो प्रदेहि गत्संयमराज्यमुत्तमम् ॥५५॥

ભાવાર્થ—સંસારનો ત્યાગ કરવાનું કૃત્ય આચરતા અને મોટી ગૌરવતા ભરેલી વાણીને કહેતા તે કુમારે ગુરૂને નમસ્કાર કરી, તે ગુરૂ ગુરૂને કહ્યું કે, હે મમતા રહિત પ્રભુ! પ્રસન્ન થઈને મને સંયમનું ઉગ્ર રાજ્ય આપો. ॥ ૫૫ ॥

त्वं धन्युरो धुरतसि क्षितौ शिरोमणी भवस्य प्रभवस्य पाप्मनाम् ।
भव्यांगिनां त्वं जनको जनोत्तमस्त्वमेव मित्रं च पवित्रशीलगम् ॥

ભાવાર્થ—હે સ્વામી! પૃથ્વીમાં પાપ કર્મના ઉત્પત્તિસ્થાન રૂપ આ સંસારની ઉત્પત્તિને નાશ કરનાર એવા તમેજ ઉત્તમ છો.[1] સર્વ લોકોમાં ઉત્તમ એવા તમેજ ભવ્ય પ્રાણીઓના પિતા છો, અને

[1] અર્થાત્ સંસારની ઉત્પત્તિને નાશ કરનારા છો.

તમેજ પવિત્ર પરાક્રમ ધરનાર મિત્ર છો. ॥ ૫૬ ॥

कुरुष्व मा तत्कृतनामहोदये विलंबमिन्दूज्ज्वलकीर्तिसागराः ।
मनांतराया इह नाथ धर्मिणो श्रीधर्मकृत्ये शुभशर्मशंकरे ॥५७॥

ભાવાર્થ—ચંદ્રના જેવી ઉજ્વલ કીર્તિવાળા અને કરુણાના સા-ગર રૂપ એવા હે ગુરુ! હવે વિલંબ કરો નહીં. સુખ આપનારા ઉપ (સુખકર) એવા ધર્મના કાર્યમાં ઘણા અંતરાયો આવે છે.[1] ॥ ૫૭ ॥

इतीरिते तेन नतेन मौलिना श्रीमान् गुरुर्मंडितनंदिपद्धती ।
प्रादात्तपस्यां पितृनिर्मितामितोल्लसन्महोत्सवविस्तरोर्जिताम् ॥

ભાવાર્થ—આ પ્રમાણે તેણે મસ્તકને નમાવી કહ્યું એટલે શ્રીમાન્ ગુરુએ નંદિ પદ્ધતિની [2]સ્થાપના કરી પિતાએ કરેલા ઘણા મોટા મહોત્સવોના વિસ્તારથી ઉન્નત એવી તપસ્યા (દીક્ષા) આપી. ॥ ૫૮ ॥

अद्रीश्वराग्न्यंबुधिचंद्रसंमिते १२७ मते प्रमोदप्रकरेण वत्सरे ।
समं भगिन्या गिरिदेवताद्युता सोमेन दीक्षा जगृहे महामहैः ॥५९॥

ભાવાર્થ—સંવત્ ૧૪૩૭ના વર્ષે શુભ એવા સંવત્સરમાં ગિરિ-દેવના જેવી કાંતિવાળા સોમકુમારે મોટા ઉત્સવોથી પોતાની બ્હેનની સાથે દીક્ષા ગ્રહણ કરી. ॥ ૫૯ ॥

श्रीसोमसुन्दरमुनिस्त्विति नाम धाम
श्रेयःश्रियां वितरति स्म यतीश्वरोऽसौ ।
सोमाभिधानपुरुषप्रवरस्य तस्य
दीक्षाक्षणे प्रशमरस्य नतामरस्य ॥ ६० ॥

---

૧ અર્થાત્ “ श्रेयांसि बहु विघ्नानि ” એ કહેવત પ્રમાણે સારા કામમાં ઘણાં વિઘ્ન આવે છે. સાધારણ કહેવત છે કે, "સારા કામને સો વિઘ્ન"

૨ નંદિપદ્ધતિની સ્થાપના એટલે નાણ માંડવું તે.

ભાવાર્થ—સૂરીશ્વરે સોમ નામના પુરૂષોમાં શ્રેષ્ઠ દીવ્ય ગુણોથી યુક્ત અને જેને દેવતાઓ નમેછે એવાતે મુનીનું કલ્યાણ-લક્ષ્મીઓનું ધામ રૂપ થી સોમસુંદર મુનિ એવું નામ આપ્યું. ॥ ૬૦ ॥

संघो ततोऽमितमहोत्सवकर्म कृत्वा
नत्वा गुरूंश्च नवदीक्षितदक्षसाधुन् ।
हर्षप्रकर्षपुलकं कुलकंदकंदः
स्वांगे दधन्निजनिजं स जगाम धाम ॥ ६१ ॥

ભાવાર્થ—પછી કુળમાં અંકુરરૂપ અને વિનીત એવો સર્વ સંઘ આ અપરિમિત મહોત્સવનું કાર્ય કરી ગુરૂને અને તુરત દીક્ષા લીધેલા સાધુને વંદના કરી અંગમા હર્ષોત્કર્ષના રોમાંચને ધારણ કરતો પોત પોતાને ઘેર ચાલ્યો ગયો. ॥ ૬૧ ॥

श्रीसज्जनोऽपि सुजनो वृजिनोज्झितात्मा
तं स्वात्मजं च यतिनं प्रणिपत्य मूर्ध्ना ।
श्रालक्ष्मशोभितवपुः स्वगृहं गृहिण्या
सार्कं स कंसमथनांगनयाश्रितांगः ॥ ६२ ॥

ભાવાર્થ—સજ્જન અને પાપ રહિત એવો સજ્જનમંત્રી પોતાના યતિરૂપ પુત્રને મસ્તકવડે પ્રણામ કરી લક્ષ્મીથી સુશોભિત અંગને ધારણ કરતો અને હર્ષને વશ થતો પોતાની પત્નીની સાથે ઘેર આવ્યો. ॥ ૬૨ ॥

नेनामा नवदीक्षितेन मुनिना दीव्यद्यशाः श्रीजया-
नंदश्रीगुरुपुंगवा नवि निजस्फूर्जद्गवीवीचिभिः ।
पापव्यापमलं कलंकरहितास्ते संहरंतो स्वा-
दन्यशोभितसर्वदोषविहिताहारा विहारं व्यधुः ॥६३॥

ભાવાર્થ—જયથી પ્રકાશતા, કલંક રહિત, સ્ફુરણાયમાન વાણીના તરંગોથી પૃથ્વી ઉપરના પાપ રૂપ મળનો વેગથી સંહાર કરતા અને

તમેજ પવિત્ર પરાક્રમ ધરનાર મિત્ર છો. ॥ ૫૬ ॥

कुरुष्व मा तत्करुणामहोदधे विलंबमिंदूज्ज्वलकीर्तिसद्यशाः ।
घनांतराया इह सन्ति यद्विभो श्रीधर्मकृत्ये कृतशर्मशंकरे ॥५७॥

ભાવાર્થ—ચંદ્રના જેવી ઉજ્વલ સત્કીર્તિવાળા અને કરૂણાના સાગર રૂપ એવા હે ગુરૂ! હવે વિલંબ કરો નહીં. સુખ આપવામાં શંકર (સુખકર) એવા ધર્મના કાર્યમાં ઘણાં અંતરાયો આવે છે.[1] ॥ ૫૭ ॥

इतीरिते तेन नतेन मौलिना श्रीमान् गुरुर्मंडितनंदिपद्धती ।
प्रादात्तपस्यां पितुनिर्मितामितोल्लसद्गरीयस्तरविस्तरोच्छ्रिताम् ॥

ભાવાર્થ—આ પ્રમાણે તેણે મસ્તકને નમાવી કહ્યું એટલે શ્રીમાન ગુરૂએ નંદિ પદ્ધતિની [2]સ્થાપના કરી પિતાએ કરેલા ઘણા મોટા ઉત્સવોના વિસ્તારથી ઉન્નત એવી તપસ્યા (દીક્ષા) આપી. ॥ ૫૮ ॥

अद्रीश्वराग्न्यंबुधिचंद्रसंमिते १४३७ मृते प्रमोदप्रकरेण वत्सरे ।
सार्धं भगिन्या गिरिदेववाद्युता सोमेन दीक्षा जगृहे महामहैः ५९॥

ભાવાર્થ—સંવત્ ૧૪૩૭ના હર્ષ યુક્ત એવા સંવત્સરમાં ગિરિદેવના જેવી કાંતિવાળા સોમકુમારે મોટા ઉત્સવોથી પોતાની બહેનની સાથે દીક્ષા ગ્રહણ કરી. ॥ ૫૯ ॥

श्रीसोमसुंदरमुनिस्त्विति नाम धाम
श्रेयःश्रियां वितरति स यतीश्वरोऽसौ ।
सोमाभिधानपुरुषप्रवरस्य तस्य
दीक्ष्यगुणै भरतमरस्य नतामरस्य ॥ ६० ॥

---

૧ અર્થાત્ "श्रेयांसि बहु विघ्नानि" એ કહેવત પ્રમાણે સારા કામમાં ઘણાં વિઘ્ન આવે છે. સાધારણ કહેવત છે કે, "સારાં કામને સો વિઘ્ન"

૨ નંદિપદ્ધતિની સ્થાપના એટલે નાણ માડવું તે.

ભાવાર્થ—સૂરીશ્વરે સોમ નામના પુરૂષોમાં શ્રેષ્ઠ દીવ્ય ગુણોથી યુક્ત અને જેને દેવતાઓ નમેછે એવા તે મુનીનું કલ્યાણ-લક્ષ્મીઓનું ધામ રૂપ શ્રી સોમસુંદર મુનિ એવું નામ આપ્યું. ॥ ૬૦ ॥

ततो मतोऽमितमहोत्सवकर्म कृत्वा
नत्वा गुरूंश्च नवदीक्षितदक्षसाधून् ।
हर्षप्रकर्षपुलकैः कुलकंदकंदः
स्वांते दधन्निजनिकेतं स जगाम धाम ॥ ६१ ॥

ભાવાર્થ--પછી મુખમાં અંકુરરૂપ અને વિનીત એવો સર્વ સંઘ ના અપરિમિત મહોત્સવનું કાર્ય કરી ગુરૂને અને તુરત દીક્ષા લીધેલા સાધુને વંદના કરી અંગમાં હર્ષોત્કર્ષના રોમાંચને ધારણ કરતો પોત પોતાને ઘેર ચાલ્યો ગયો. ॥ ૬૧ ॥

धीसज्जनोऽपि सुजनो वृजिनोज्झितात्मा
तं स्वात्मजं च यतिनं प्रणिपत्य मूर्ध्ना ।
सानन्दमोदविवशः स्वगृहं गृहिण्या
सार्धं स कंसमथनांगनयाश्रितांगः ॥ ६२ ॥

ભાવાર્થ—સજ્જન અને પાપ રહિત એવો સજ્જનમંત્રી પોતાના યતિરૂપ પુત્રને મસ્તકવડે પ્રણામ કરી લક્ષ્મીથી સુશોભિત અંગને ધારણ કરતો અને હર્ષને વશ થતો પોતાની પત્નીની સાથે ઘેર આવ્યો. ॥ ૬૨ ॥

मेनामता नयशीलितेन मुनिना दीप्यत्प्रभाः धर्मिपा-
गंगाम्रीतुरगंगशा यदि निजस्फूर्जत्प्रगल्भवीचिभिः ।
पापव्यापमलं कलंकरहितास्ते संहरंतो द्रुता-
दन्वबोहितसर्वदोषविहिताहारा विहारं व्यधुः ॥६३॥

ભાવાર્થ—જયથી પ્રકાશતા, કલંક રહિત, સ્ફુરણાયમાન વાણીના તરંગોથી પૃથ્વી ઉપરના પાપ રૂપ મળને વેગથી સંહાર કરતા અને

નિર્દોષ આહાર કરતા તે શ્રી જયાનંદ ગુરૂએ તે નવા દીક્ષિત સાથે લઇ ત્યાંથી બીજે વિહાર કર્યો. ॥ ६३ ॥

इतिश्रीयुगप्रधानावतार [illegible] धरपूज्यश्रीसोमसुंदरसूरिसौभाग्यवर्णने सोमसौभाग्यनाम्नि [illegible] श्रीगुरुदीक्षाग्रहणवर्णनो नाम चतुर्थः सर्गः ॥ ४ ॥

॥ पंचमः सर्गः ॥

स्वर्गं ययुर्युवचलेंद्रियजिज्जयाया
नंदाह्वसूरिमुकुटाः प्रकटाभिधानाः ।
श्रीदेवसुंदरगुरुप्रभवोऽभवंश्च
श्रीगच्छनायकतया विदितास्तदानीम् ॥ १ ॥

ભાવાર્થ—મૃગના જેવી ચપલ ઇંદ્રીઓને જિતનાર અને પ્રખ્ નામવાળા સર્વ સૂરિના મુગટરૂપ શ્રી જયાનંદ ગુરૂ સ્વર્ગે ગયા તે[1] શ્રી દેવસુંદર નામે સૂરિ ગચ્છના નાયક તરીકે વિદિત થયા. ॥१॥

श्रीदेवसुंदरगुरुदक्षितभंगरंग-
स्सौभाग्यवर्णनविधौ न विधौतपङ्का ।
विष्णुप्रजापतिबृहस्पतिनिर्जरेश-
स्फूर्जन्मतिः श्रयति सा परिमानमुच्चैः ॥ २ ॥

ભાવાર્થ—શ્રી દેવસુંદર ગુરૂના અભંગ અને પ્રકાશિત સૌભાગ્ વર્ણન કરવામાં વિષ્ણુ, પ્રજાપતિ, બૃહસ્પતિ અને ઇંદ્રની પણ મતિ

૧ અર્થાત્ શ્રી જયાનંદ સૂરિએ કાળ કર્યા પછી તેમની પાટે શ્રી દે સુંદરસૂરિ આવ્યા.

બુદ્ધિ ઉંચા પ્રકારના સામર્થ્યને પામતી નથી.[1] ॥ ૨ ॥

श्रीदेवसुंदरगुरुप्रवरा इहास-
न्नासन्नसिद्धिकतया प्रथिताः पृथिव्याम् ।
श्रीगौतमात् प्रति च निरुपमप्रतापा-
स्तापातिरेकरहिताः सहिता महोभिः ॥ ३ ॥

ભાવાર્થ—શ્રી દેવસુંદર સૂરિ આ પૃથ્વીમાં આસન સિદ્ધિપણાથી પ્રખ્યાત થયા હતા, અને શ્રી ગૌતમ ગણધરથી પણ નિરૂપમ પ્રતાપવાળા, અતિશય તાપથી રહિત અને તેજસ્વી ગણાતા હતા. ॥ ૩ ॥

ये भाग्यभंगिसुभगाः सुभगानयोग्य
स्फूर्जद्गुणाः श्रमणसंश्रितपादपद्माः ।
पद्माश्रयाः कृतसमस्तमहीविहारा
हारा हृदोऽपि वसुधैनिधर्मलक्ष्म्याः ॥ ४ ॥

ભાવાર્થ—ભાગ્યની રચનાથી સુંદર, સારી રીતે ગાન કરવાયોગ્ય, ગુણોથી સ્ફુરણાયમાન સાધુઓ જેમના ચરણકમળનો આશ્રિત થતા હતા, લક્ષ્મીના આશ્રય રૂપ અને સર્વ પૃથ્વીમાં વિહાર કરનારા તે દેવસુંદર ગુરૂ જાણે મુનિ ધર્મની લક્ષ્મીના હૃદયના હાર હોય તેવા શોભતા હતા. ॥ ૪ ॥

वज्रांकितोन्नतकराः स्मरजैत्रदंभ-
विध्वंसना विबुधसेवितपादपीठाः
पौरंदरीं स्थितिमलं दधतो सुधर्मा-
लंकारा महोभिरसमाः समाधिषत ये ॥ ५ ॥

ભાવાર્થ—વજ્રથી અંકિત ઉન્નત હાથવાળા સ્મર કામદેવના દંભ (ગોટો) દંભને નાશ કરનારા, વિબુધો [illegible]ણ પીઠને સેવે

1 તો મનુષ્ય વિશુદ્ધિ શી રીતે પામે
2 ભાગ્ય રચનાએ રચના

છે એવા, સુધર્માહ્લાસથી યુક્ત અને તેજથી અતુલ એવા તે સૂરિ ઇંદ્રની સર્વ કળાને પ્રાપ્ત થયા હતા.[1] ॥ ૫ ॥

तेषां गुणौघसहुषां हृदये हृदये
प्रज्ञाप्रकर्षविजितामरसूरितेजाः ।
श्रीसोमसुंदरमुनिः प्रवरोऽध्युवास
स्वच्छेऽम्भसीव विमलः सकलः शशांकः ॥ ६ ॥

ભાવાર્થ—ગુણ સમૂહને સેવન કરનારા તે દેવસુંદર સૂરિના પૂર્ણ હૃદયમાં પૂર્ણચંદ્ર જેમ સ્વચ્છ જળમાં વાસ કરે તેમ બુદ્ધિના ઉત્કર્ષથી બૃહસ્પતિના તેજને પરાભવ કરનાર શ્રી સોમસુંદરસૂરિએ વાસ કર્યો હતો.[2] ॥ ૬ ॥

सैर्ज्ञाननीरभरपूरितसागरश्री
श्रीज्ञानसागरगुणोज्वलसूरिपार्श्वे ।
निःशेषदुर्गमविशेषवरार्थसार्थ·
सद्ग्रंथभाणनकृते सुकृतेन लभ्ये ॥ ७ ॥
श्रीमत्तपागणनभोमणिभिर्विमुक्तो
मुक्तोज्वलप्रतिभया विभया च युक्तः ।
श्रीसोमसुंदरमुनिर्मुनिराजिराज·
राजद्यशोभरविभासितविश्वविश्वः ॥ ८ ॥

ભાવાર્થ—શ્રી તપાગચ્છમાં સૂર્ય સમાન એવા શ્રી દેવસુંદર

---

૧ એક ઇંદ્ર પક્ષે અને સૂરિ પક્ષે બે અર્થ થાય છે. ઇંદ્રના હા· વજ્ર છે અને સૂરિના હાથમાં વજ્રની રેખા છે. ઇંદ્રે જંભ નામના દૈ માર્યો હતો, સૂરિએ કામદેવનો દંભ તોડ્યો હતો. ઇંદ્રનું પાદપીઠ વિબુધો સેવે છે અને સૂરિનું પાદપીઠ વિદ્વાનો સેવે છે. ઇંદ્ર સુધર્મા નામની થી યુક્ત છે અને સૂરિ સુધર્મથી યુક્ત છે.

૨ અર્થાત્ સોમસુંદરસૂરિ તેને નિરંતર દેવસુંદરસૂરિના હૃદ રમી રહ્યા હતા.

શિષ્યે મુક્તાફળ જેવી ઉજ્વળ બુદ્ધિ અને કાંતિથી યુક્ત તથા મુનિરાજની શ્રેણીમાં શોભાયમાન એવા યશના ભારથી સમગ્ર વિશ્વને સુશોભિત કરતા એવા તે શ્રી સોમસુંદર મુનિને સર્વ મુશ્કેલી ભરેલા ઉત્તમ અર્થવાળા સારા ગ્રંથોનો અભ્યાસ કરવાને માટે સુકૃતથી પ્રાપ્ત થાય તેવા, ગુણોથી ઉજ્વળ અને જ્ઞાન રૂપ જળથી પૂર્ણ એવા સાગરની શોભાવાળા શ્રી જ્ઞાનસાગર નામના સૂરીની પાસે મોકલ્યા.[1] ૭–૮

सेमातिनिस्तुपधिया सुधिया दशादि-
वैकालिकप्रभृतिशास्त्रपरंपरा सा।
स्तोकैरपाठि दिवसैर्विधिपूर्वमंहो
रंहोविनाशनचतुर्दशपूर्वसारा ॥ ९ ॥

ભાવાર્થ—અતિ શુદ્ધ બુદ્ધિવાળા તે સોમસુંદર મુનિએ પાપના વેગને નાશ કરનારા ચોદ પૂર્વમાં સાર રૂપ એવા દશ વૈકાલિક વગેરે શાસ્ત્રોની પરંપરા થોડા દિવસોમાં વિધિપૂર્વક ભણી લીધી. ॥ ૯ ॥

सम्यग्विधिप्रसहितपंचमहाव्रतानां
संस्थापनामनघसंघकृतोरुसर्वीयाम् ।
श्रीमान् तपागणधरः सुदिने दिनेश-
द्युतस्य शस्ययशसो रचयांचकार ॥ १० ॥

ભાવાર્થ—સૂર્યના જેવી કાંતિવાળા તે તપાગચ્છના સ્વામીએ શુભ દિવસને વિષે પ્રશંસવા યોગ્ય યશવાળા તે સોમસુંદર મુનિને, નિર્દોષ સંઘે જેના મોટા ઉત્સવો કરેલા છે એવી પંચમહાવ્રતોની ક્રિયા સહિત સ્થાપના કરી.[2] ॥ ૧૦ ॥

---

૧ સાગર જેમ જળથી પૂર્ણ હોય તેમ તે જ્ઞાનસાગર સૂરિ જ્ઞાન રૂપ જળથી પૂર્ણ હતા.

૨ અર્થાત્ પાંચ મહાવ્રત ધારણ

शब्दादिसाधनविचक्षणलक्षणाढ्यः
साहित्यसत्यरससागरमग्नचित्तः ।
छंदःस्वमंदधिषणो निखिलागमार्थ-
सार्थप्ररायगमपेशलकौशलस्पृक् ॥ ११ ॥

तर्कैककर्कशतरप्रतिभाप्रकर्षोऽ
लंकारसाररसकलोपनिषत्प्रवीणः ।
इत्युज्वलासु सकलासु कलाद्विकासु
प्रागल्भ्यमेव सविशेषममलं बभार ॥ १२ ॥ युग्मम्

ભાવાર્થ—શ્રી સોમસુંદર મુનિ શબ્દાદિકને સિદ્ધ કરનાર વ્યાકરણમાં પ્રવીણ થયા. સાહિત્ય શાસ્ત્રના અમૃત સાગરમાં તેમનું ચિત્ત મગ્ન થયું, છંદ શાસ્ત્રમાં પ્રૌઢ બુદ્ધિવાળા થયા. સર્વ આગમના અર્થને ત્વરાથી જાણી લેવાની કુશળતા સંપાદન કરી. તર્કશાસ્ત્રમાં અતિ કઠોર બુદ્ધિનો ઉત્કર્ષ બતાવ્યો અને અલંકારનો સાર અને સર્વ ઉપનિષદના વિષયમાં પ્રવીણ થયા. આ પ્રમાણે સર્વ ઉજ્વલ કલાઓમાં તેમણે પોતાની વિશેષ પ્રૌઢતા પૂર્ણ રીતે સંપાદન કરી.[1] ॥ ૧૧-૧૨ ॥

मिथ्याविकल्परथिभ्योऽविधिना विवाद-
प्रवर्तियोगपदमागमनस्य सदस्य ।
अर्थे क्रमात् गणिपदं विबुधत्सकारि
धीरादि [illegible] ॥ १३ ॥

ભાવાર્થ—વિવાદ પ્રવૃત્તિના યોગના પદને પામેલા જોઈને ગણિ ચંદ્રને કહેતા અને બુદ્ધિમાન્ વિદ્વાન રૂપી કુમુદમાં ચંદ્ર સમાન એવા સોમસુંદર મુનિને અનુક્રમે ગણિ પદ પ્રાપ્ત થયું, જેમાં નિ-

૧ અહીં નવ વ્યાકરણ, સાહિત્ય, છંદ, તત્વજ્ઞાન, તર્ક, અલંકાર અને ઉપનિષદ વગેરે શાસ્ત્ર વિષય સંકેત કર્યો.

ત્તિનો નાશ કરનાર અને લક્ષ્મીથી મનોહર એવા સંઘે અપરિમિત મહોત્સવો કર્યા હતા. ॥ ૧૩ ॥

श्रीवाचकोत्तमपदं सदाराधिर्चद्र-
संवत्सरे (१४५०) विगतमत्सरचित्तवृत्तेः ।
अब्दैः समस्य समभूत् मरुत्संमिताब्दे
शाब्देन सम्मधुरिमातिशयेन तस्य ॥ १४ ॥

ભાવાર્થ—શબ્દના અતિશય માધુર્યથી મેઘના જેવા અને જેમની મનોવૃત્તિમા મત્સર–દ્વેષ નથી એવા તે સોમસુંદર મુનિને સંવત ૧૪૫૦ ના વર્ષમાં વીશ વર્ષની વયે આચાર્યપદ પ્રાપ્ત થયું. ॥ ૧૪ ॥

श्रीसोमसुंदरगुणान्वितयाथ केंद्र
केंद्रस्थदाधिगशुभग्रहशुद्धलग्ने ।
संस्थापिताः किल तदैव सदैव पुण्याः
प्राचीं दिशं प्रति विनेययुता विजह्रुः ॥ १५ ॥

ભાવાર્થ—હમેશાં પવિત્ર અને અદ્ભુત ગુણવાળા તે શ્રી સોમસુંદર સૂરિએ કેંદ્રસ્થાને આવેલા શુભ ગ્રહોથી શુદ્ધ એવા લગ્નમાં શિષ્યોની સાથે પૂર્વ દિશામાં વિહાર કર્યો. ॥ ૧૫ ॥

श्रीमेदपाटधिकटायतिपुंड्रतुल्ये
विस्तीर्णदेवकुलसंकुलमध्यभागे ।
श्रीख्यातदेवकुलपाटकपत्तने ते
श्रीवाचकाः समगमन् मुनिवृंदयुक्ता ॥ १६ ॥

ભાવાર્થ—મેવાડ ભૂમિમાં તિલક રૂપ, અને જેનો મધ્યભાગ મોટા વિસ્તારવાળા દેવાલયોથી સંકુલ છે એવા લક્ષ્મીથી વિખ્યાત રાજકુલ પાટક નામના નગરમાં સોમસુંદરસૂરિ મુનિના વૃંદ સાથે જઈ ચડયા. ॥ ૧૬ ॥

श्रीलक्ष्मभूमिपतिमान्यवदान्यसाधु-
श्रीरामदेवसचिवोत्तमचुंडमुख्याः ।
श्रीमद्गुरोरभिमुखं सुमुखा महेभ्या
जग्मुर्विभूषणविभूषितदेहदेशाः ॥ १७ ॥

ભાવાર્થ—શ્રી લક્ષ્મ ભૂપતિને માન્ય, ઉદાર અને ઉત્તમ એવા મહેર તથા ઉત્તમ મંત્રી ચુંડ વગેરે સુંદર મુખવાળા ધનાઢ્ય શ્રાવકો પોતાની કાયાને આભૂષણોથી સુશોભિત કરી ગુરૂની સન્મુખ આવ્યા. ॥ ૧૭ ॥

संगतुरंगमकुंजरमुख्यसैरी-
निःस्वाननिःस्वनभृतानि दिशां विभागम् ।
द्रंगं प्रवेशनमहोत्सवविस्तरं से
चक्रुर्गुरोः सुगुरोः प्रतिभाप्रकर्षात् ॥ १८ ॥

ભાવાર્થ—તે વિદ્વાન ગુરૂની પ્રતિભા (મનોજ્ઞ શક્તિ) ના ઉત્કર્ષથી તે ગુરૂશ્રીએ આખા નગરને પ્રવેશ મહોત્સવના વિસ્તાર કર્યું, કે જેમાં ચાલતા અશ્વોના હોંખારાથી ઘણાં ભેરી નાદોથી અ નિશાનના શબ્દોથી બધી દિશાઓના ભાગ ભરપૂર થઈ ગયા હતા.

मानुष्यवेषभजने प्रथमं निदानं
[illegible] गुरुमाप्रतिरूपताभूत् ।
आलोक्य दीक्षावपुर्नो न पदर्शनश्री
[illegible] हर्षितनिमित्तमना बभूव ॥ १९ ॥

ભાવાર્થ—ગુરૂ સોમસુંદર સૂરિના ઉત્તમ માધુર્યવાળા વચનામૃત પાન કરી જગતના [illegible] તેમનું રૂપ જોઈ, અને [illegible] પ્રતિષ્ઠા જોઈ તે સર્વ ગુરૂશ્રી [illegible] ચિત્તવાળું થઈ ગયા. ॥ ૧૯ ॥

૧ [illegible]

तत्रापि नीवृति पुनिमनानिमत्रेषु
ग्रामेषु चापि नगरेषु गुणाकरेषु
मिथ्यात्वदुर्मतिमतिप्रसरत्प्रताप
संत्याजयन् सकलुषाणि वियोजयंश्च ॥ २० ॥

स्वीकारदंभरदनो गुणराजिरम्य-
सम्यक्त्वरत्नमचिरत्नमिलादुरापम् ।
कुत्रापि देशविरतिं विरतिं च सर्वां
कुत्रापि भव्यभविनां शिवसौख्यदात्रीम् ॥ २१ ॥

कुत्रापि निर्मलयशोभरशालि शीलं
दौस्थ्यार्तिदीनजनतोद्धृतिधर्मकर्म ।
देवार्चनादिविषयान् सदभिग्रहांश्चो
पाध्यायमौलिरकरोत् प्रवरं विहारम् ॥ २२ ॥

ભાવાર્થ—તે દેશમાં ગુણોની ખાણુ રૂપ વન, નેહડા, ગામ અને શહેરને વિષે વિહાર કરતા એવા તે ઉપાધ્યાયમાં મુગટ રૂપ સૂરી પોતાના મહાન્ પ્રતાપને પ્રસરાવતા મિથ્યાત્વ દુર્મતિનો ત્યાગ કરાવતા હતા, પાપનો વિયોગ કરાવતા હતા, અને સર્વ ગુણ શ્રેણીમાં રમણિક અને પૃથ્વીમાં દુર્લભ એવા નવીન સમકિત રત્નનો સ્વીકાર કરાવતા હતા. કોઇને દેશવિરતિ, ભાવિકજનને મોક્ષ સુખ આપનારી, કોઇને સર્વ વિરતિ, કોઇને નિર્મલ યશથી સુશોભિત એવું શીલ, કોઇને દારિદ્રથી હીન થયેલા લોકોને ઉદ્ધાર કરનારી કર્મક્રિયા અને કોઇને દેવ પૂજા વગેરે સારા અભિગ્રહો ગ્રહણ કરાવતા હતા. ॥ ૨૦–૨૧–૨૨ ॥

काले कियंतमपि तत्र पवित्रदेशो
भ्विरघाऽदुभान् भुवि जनान् प्रतिबोधयन्तः
श्रीगच्छपा प्रभुरमी गणादिहपूर्व-
श्रीपत्तनं धनचिरंतनपूःप्रधानम् ॥ २३ ॥

ભાવાર્થ—તે પવિત્ર દેશમાં કેટલોએક કાળ રહી પૃથ્વીમાં જનોને પ્રતિબોધ કરતા તે સૂરિવર્ય ઘણાં પ્રાચીન નગરોમાં એવા અણુહિલપુર પાટણમાં આવ્યા. ॥ ૨૩ ॥

तैस्तत्र चित्रकरसत्करदानिवृन्दै
र्हारेण चंदुविशदेन ववंदिरे द्राक् ।
श्रीदेवसुंदरगुरुप्रभवो भवोत्थ-
संतापसंहरणवारिदवारितुल्याः ॥ २४ ॥

ભાવાર્થ—ત્યાં આશ્ચર્ય કરનારા દાતાઓના વૃંદોએ સંસારના સંતાપને હરવામાં મેઘ જેવા તે શ્રી દેવસુંદર ગુરૂને ચંદ્રના જેવા ઉજ્જ્વળ આહારથી તત્કાળ વંદના કરી. ॥ ૨૪ ॥

अत्रांतरे च तरणिः प्रतपत्प्रतापा-
श्चिंतामणिः प्रणयिनां प्रचुरेष्टपूर्तेः ।
आगाद् गुरूत्तमनमस्कृतिकृत्यहेतोः
साधुर्वदान्यमुकुटो नरसिंहनामा ॥ २५ ॥

ભાવાર્થ—આ સમયમા તપતા પ્રતાપથી સૂર્ય જેવો, સ્નેહીઓનાં ઘણાં મનોરથોને પૂરવાથી ચિંતામણિ રૂપ અને ઉદાર દાતાઓમાં મુગટ સમાન નરસિંહ નામનો એક સજ્જન ગૃહસ્થ આ ઉત્તમ ગુરૂને નમસ્કાર કરવા માટે આવ્યો. ॥ ૨૫ ॥

भालस्थलं विपुलमुज्ज्वलमिद्धमूर्त्तिं
स्फूर्तिं प्रमोदजननीं च निरीक्ष्य दक्षः ।
श्रीवाचकस्य च वचो रुचिरं निपीय
चित्ते चमत्कृत इव विममर्श विज्ञः ॥ २६ ॥

ભાવાર્થ—તે વિદ્વાન્ અને ચતુર ગૃહસ્થ, શ્રીવાચક ગુરૂનું વિશાળ અને ઉજ્જ્વળ લલાટ તથા હર્ષને ઉત્પન્ન કરનારી સ્ફુરણાયમાન મૂર્તિને જોઈ અને મધુર વચનામૃતનું પાન કરી ચિત્તમાં ચમત્કાર પામી

નીચે પ્રમાણે વિચાર કરવા લાગ્યો. ॥ ૨૬ ॥

चेत्स्थापयामि वरसूरिपदेऽहमेन-
मेनश्चयैर्विरहितं सहितं च धाम्ना ।
आचंद्रसूर्यमिह मे नरिनर्ति कीर्ति-
र्जागर्ति तत्सुकृतिनः सुकृतं कृतं च ॥ २७ ॥

ભાવાર્થ—પાપના સમૂહથી રહીત અને કાંતિ સહિત એવા આ મુનિને જો હું ઉત્તમ સૂરિપદ ઉપર સ્થાપિત કરૂં તો આ લોકમાં મારી કીર્તિ યાવચ્ચંદ્ર સુધી નૃત્ય કરે અને તે સુકૃતિનું કરેલું સુકૃત સર્વદા જાગ્રત રહે. ॥ ૨૭ ॥

आलोच्य चेतसि चिरं रुचिरं स विप्रः
सूरिं व्यजिज्ञपदथो पृथुकीर्तिशालि ।
सद्यः प्रसद्य मम निर्मलनाथ देहि
श्रीवाचकस्य वरसूरिपदं त्वमस्य ॥ २८ ॥

ભાવાર્થ—તે સુજ્ઞ બ્રાહ્મણે ઘણી વાર સુધી મનમાં સારી રીતે વિચાર કરી પછી ઘણી કીર્તિવાળા તે દેવસુંદરસૂરિને વિજ્ઞપ્તિ કરી કે હે મુનિનાથ, મારી ઉપર પ્રસન્ન થઈ આ વાચકને તમે તત્કાળ ઉત્તમ સૂરિપદ આપો. ॥ ૨૮ ॥

न्यायार्जितैर्जितमहोर्जितदुष्कृतैः स्वैः
स्वैरुत्सवान् नवनवान् हि यथा करोमि ।
श्लाघ्यः स एव विभवः प्रभवः सुखानां
यस्य व्ययः सुकृतकर्मसु वोभवीति ॥ २९ ॥

ભાવાર્થ—હે સ્વામી, ન્યાયથી ઉપાર્જન કરેલા અને મોટા ઉગ્ર પાપને પરાભવ કરે તેવા મારા દ્રવ્યથી તે સૂરિપદના નવ નવા ઉત્સવો કરૂં. કારણ કે જે દ્રવ્યનો વૈભવ સુકૃત કર્મમાં અતિશય ખર્ચાય તે વૈભવ પ્રશંસવા યોગ્ય છે, અને તે સુખને ઉત્પન્ન કરવામાં કારણ રૂપ

થાય છે. ॥ ૨૯ ॥

नूनं धनं सनिधनं धनिनो न गेहे
कस्यापि तिष्ठति चिरं करिकर्णलोलम् ।
अर्हद्विहारवरसूरिपदप्रतिष्ठा-
निर्माणमुख्यसुकृतैस्तु भवेत् स्थिरं तत् ॥ ३० ॥

ભાવાર્થ—ખરી રીતે જોતાં દ્રવ્ય નાશવંત છે, હાથીના કર્ણની પેઠે ચપલ એવું તે ધન કોઇ પણ ગૃહસ્થને ઘેર ચિરકાલ રહેતું નથી. તેથી અર્હત પ્રભુના પ્રાસાદ, ઉત્તમ સૂરિપદ અને જિનપ્રતિષ્ઠા વગેરે સુકૃત કાર્યોમાં વાપરવાથી તે દ્રવ્ય સ્થિર થાય છે. ॥ ૩૦ ॥

प्रोवाच सूरिमघवाथ नवाघहस्ति-
प्रोग्रंस्यसिंहनरसिंहमहेभ्यराजं ।
त्वं भाग्यवांश्च गुणवांश्च यदद्य हृद्य-
पुण्येऽस्ति ते मतिरियं किल जागरूका ॥ ३१ ॥

ભાવાર્થ—નવીન પાપ રૂપી હસ્તીઓમાં ઉગ્ર સિંહ જેવા નરસિંહ શ્રેષ્ઠીને સૂરીંદ્રે કહ્યું કે શ્રેષ્ઠિન્ તમે ભાગ્યવાન્ અને ગુણવાન્ છો કેમકે આજે તમારી બુદ્ધિ આવું ઉત્તમ પુણ્ય કરવામાં જાગ્રત થઇ છે.

क्षोणौ क्षिपंति कृपणाः स्वधनान्यधस्तात्
पातामधस्तनगतिं हि पिपासवस्ते ।
उच्चैःपदार्थिन इहोत्तममर्त्यसंघा-
स्तूच्चैःपदे जिनपचैत्यमुखे सुखेन ॥ ३२ ॥

ભાવાર્થ—જે કૃપણ લોકો પોતાના દ્રવ્યને પૃથ્વી નીચે નાખે છે તેઓ અધોગતિમા જવાને ઇચ્છે છે; અને જે ઉત્તમ મનુષ્યો શ્રી જિનચૈત્યના ઉંચા સ્થાનમા દ્રવ્ય નાખે છે તેઓ સુખે ઉંચાપદના અર્થી છે. અર્થાત્ ઉંચા (મોક્ષ) પદમા જવાને ઇચ્છે છે.[1] ॥ ૩૨ ॥

---

૧ અર્થાત્ નીચે જમીનમા દ્રવ્ય સંચય કરનારા નીચ ગતિને પામે છે અને ઉંચા સ્થાનમાં દ્રવ્ય ખર્ચનાર ઉંચા સ્થાનને પામે છે.

अस्तु त्वदीयकथितं प्रथितं तवास्तु
स्फूर्जद्यशः क्षितितलेऽप्यखिलेऽपि साधो ।
अन्नप्रवृत्तकृषिकर्मणि कार्षुकाणां
प्रासंगिकी किल भवेत् प्रचुरा हि तृण्या ॥ ३३ ॥

ભાવાર્થ—હે સાધુ પુરૂષ, તારૂં વચન ભલે તેમ હો, અને આ અ-
[illegible] પૃથ્વીતળ ઉપર તારૂં યશ પ્રખ્યાત થાઓ. અન્ન મેળવવાને કૃષિ
[illegible]માં પ્રવૃત્ત થયેલા ખેડુત લોકોને પુષ્કળ ઘાસનો લાભ તેના અવા-
પ્રસંગમાં મળે છે. [1] ॥ ૩૩ ॥

इत्थं गुरूक्तवचसा मुदितो हृदंत-
र्दन्तद्युतिभिरभिविकासितदिग्मुखाब्जः ।
स प्राक् जगाम सदनं सदनन्तलक्ष्मी-
क्रीडैकधाम बहुधामविभूषितांगः ॥ ३४ ॥

ભાવાર્થ—આ પ્રમાણે ગુરૂના વચનથી હૃદયમાં હર્ષ પામતો અને
[illegible]તની કાંતિથી દિશાઓના મુખકમળને પ્રકાશિત કરતો તે સાધુ પુ-
[illegible]ષ કે જેનું અંગ ઘણાં તેજથી સુશોભિત લાગતું હતું, તે અનંત
[illegible]ક્ષ્મીની ક્રીડાના સ્થાન રૂપ એવા પોતાને ઘેર આવ્યો. ॥ ૩૪ ॥

सांवत्सरोक्तशुभमुहूर्तदिनं द्रुतोपः
कृत्वा स्वचेतसि गतांहसि कुंकुमांकान् ।
दीप्तांह्रिरेष स धरापतिलब्धलोक-
स्याहूतये हुतहुताशनदीप्ततेजाः ॥ ३५ ॥

ભાવાર્થ—જોષી લોકોએ કહેલા શુભમુહૂર્તનો દિવસ પોતાના નિ-
ષ્પાપ હૃદયમાં દૃઢ કરી હોમેલા અગ્નિ જેવા તેજસ્વી તે સા[illegible] એ સદ્-

૧ અર્થાત્ ખેડૂત લોકો મુખ્ય ફળ અન્નાદિક મે[illegible] કરે છે
[illegible]ણ તેના પેટામાં તેમને ઘાસનો લાભ મળે છે. તે [illegible]ર્ગનો લાભ
[illegible]મુખ્યપણે પ્રાપ્ત થશે અને પેટા ભાગમાં [illegible]નો

[illegible]

[illegible]
[illegible] ।
[illegible]
[illegible] ॥ ૨૬ ॥

[illegible]
[illegible] ।
[illegible]
[illegible] ॥ ૨૭ ॥

[illegible]
[illegible] ।
[illegible]
[illegible] ॥ ૨૮ ॥

[illegible]

आत्मीयसौधमपि चित्रकरप्रकल्प्त-
सच्चित्रचित्रितजगत्त्रयलोकचित्तम् ।
स्वःसद्मगर्वहरमंडपचारुरूप-
पांचालिकाततिविमोहितविश्वविश्वम् ॥ ३९ ॥
प्रोत्फुल्लमल्लिवरचंपकसिंदुवार-
मंदारमुख्यकुसुमप्रकराभिरामम् ।
मुक्ताफलौघपरिपूर्णचतुष्कमार्ग
श्रीपूर्णकुंभमुखमंगलमालिगर्भम् ॥ ४० ॥
अंतःस्थितार्हतनिकेतनदह्यमान-
कर्पूरकेसरसुगंधितसर्वलोकम् ।
सोऽत्यंतकांतचेलसन्मृगलोचनानाम्
रूपश्रियातिरुचिरं रचयांचकार ॥ ४१ ॥

ભાવાર્થ—વળી પોતાનો મહેલ કે, જેમાં ચિત્રકારોએ રચેલા સુંદર ચિત્રોથી ત્રણ જગતના લોકના ચિત્ત પણ વિસ્મય પામી જતા હતા, સ્વર્ગના ગર્વને પણ હરી લે તેવા મંડપમાં ગોઠવેલી સ્વરૂપવાન્ પુતળીઓની શ્રેણીઓ સર્વ જનને મોહ પમાડતી હતી. પ્રફુલ્લિત મલ્લિકા, ચંપક, સિંધુવાર, અને મંદાર વગેરેના પુષ્પોના સમૂહથી તે ઘણો મનોહર લાગતો હતો. મુક્તાફલના સમૂહથી તેના ચોક પૂર્યા હતા. અંદરનો ભાગ પૂર્ણ કુંભ વગેરેના માંગલ્યથી શોભતો હતો અંદર રહેલા આર્હંત મંદિરોમાં બળતા ધુપ, કર્પૂર અને કેશરથી સર્વ લોકો સુગંધમય થઇ જતા હતા, તેવા મહેલને તેણે વિલાસ કરતી મનોહર મૃગાક્ષીઓની રૂપ લક્ષ્મીથી ઘણો સુંદર બનાવ્યો. ૩૯,૪૦,૪૧

श्रीगच्छनाथगुरवोऽथ गुरुप्रसादे-
श्रीमन्नृसिंहसदने समेतशिष्याः ।
आगत्य मण्डपतले विलसद्गुणाः स्म
ते मण्डयन्ति जिनोदितराजधर्मश्रीम् ॥ ४२ ॥

ભાવાર્થ—પછી મુહૂર્તને દિવસે શ્રી ગચ્છપતિ ગુરૂ પોતાના અનેક ઉત્તમ શિષ્યોને લઇ શ્રી નૃસિંહ શેઠીને ઘેર પધાર્યા. ગુણોના નિવાસવાળા તે ગુરૂએ મંડપમાં આવી જિન બિંબ સહિત નંદીને અલંકૃત કર્યો. ॥ ૪૨ ॥

माणिक्यरत्नखचिते पट्टे च हैमे
पट्टे निवेश्य [illegible] ताम् ।
कस्तूरिका सुरभिकेसरचंदनादि-
[illegible] शिरसि [illegible] ॥ ४३ ॥

ભાવાર્થ—તે સૂરિવરને સુવર્ણની પડેલા અને માણિક્ય રત્નથી જડેલા એવા પાટ ઉપર બેસારી સર્વ ધનાઢ્ય શેઠીઓએ સુગંધી કેસર ચંદન વગેરેથી મિશ્ર એવા જલવડે તેમના મસ્તક ઉપર ઉત્સાહે અભિષેક કર્યો. ॥ ૪૩ ॥

[illegible]
[illegible] ।
[illegible]
[illegible] ॥ ४४ ॥
[illegible]
[illegible] ।
[illegible]
[illegible] ॥ ४५ ॥
[illegible]
[illegible] ।
[illegible]
[illegible] ॥ ४६ ॥
[illegible]
[illegible] ।

गंभीरनाभिकठिनस्तनबंधनाभि-
र्नाट्येऽतिविस्मयकरे च वितन्यमाने ॥ ४७ ॥
मायन्मृदंगसुभगस्वरमंडलीय
क्षीणोद्यदंबुरवंशरवसमिलादे ।
गीतिर्भजनंतुंबरविजित्वरगायनैर्थ-
गीते जनश्रवणवर्त्मनि गीयमाने ॥ ४८ ॥
सर्वांगजातमधुरस्वरभास्वरेण
विज्ञानपद्मकलया कलचातुरेण ।
धौतूरिणा गुणनुता किल कार्यमाणे
चित्रे महार्घततिभिर्वरनेरिसूत्रे ॥ ४९ ॥
धीदेवदुंदुभिगुरुर्नारिभिरामः
धीवाचकस्य कलिकालभयानकस्य ।
दर्शे तत्कर्णसुखदस्य स सूरिमंत्रं
संन्यस्यति स्म भुवि विस्मयकारिशक्तिम् ॥ ५० ॥

